dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-333 | AD-2025, Bhadarva Vad-01 | Monday, Dt.08-09-2025 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

પૂર અને ભૂસ્ખલનનો વિનાશ હજી પણ ચાલુ

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હજુ પણ ભારે પૂરની સ્થિતિ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં વરસાદ, પૂર અને ભૂસ્ખલનનો વિનાશ હજી ચાલુ છે. હિમાચલ પ્રદેશના સિરમૌરમાં શનિવારના ભૂસ્ખલન પછી, લગભગ ૨૦૦ મીટર એક ટેકરી કાપી નાખી. તે જ સમયે, રાજસ્થાનના જયપુરમાં સતત વરસાદને કારણે ઘર તૂટી પડતાં એક યુવાન અને તેની પાંચ વર્ષની બાળકીનું મોત નિપજ્યું હતું. દિલ્હીના યમુના નદીમાં પૂરથી વિસ્થાપિત ૭૦ થી વધુ પરિવારોને અક્ષરધામ નજીક દિલ્હી-મીરૂટ એક્સપ્રેસ-વેના કાંઠે બાંધવામાં આવેલા અસ્થાયી તંબુમાં આશ્રય લેવાની ફરજ પડી હતી. હિમાચલ પ્રદેશના નોરાધર ગામમાં ભૂસ્ખલનને કારણે પાંચ મકાનો જોખમમાં હતા. જો કે, અધિકારીઓએ કહ્યું કે તેમાં રહેતા લોકોને સમયસર બચાવી લેવામાં આવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ભૂસ્ખલનની આ ઘટના કદાચ જમીનની નીચે પાણીના સ્રોતને કારણે સર્જાઈ હતી. દેશના સ્થાનિક કેન્દ્રના હવામાન વિભાગે આગામી છ દિવસ માટે રાજ્યભરમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે ૭ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન કેટલાક સ્થળોએ

ભારેથી મધ્યમ વરસાદ થઈ શકે છે. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઈન્ડિયા (એનએચએઆઈ) કામગીરી કરી રહ્યું છે જે ભારે વરસાદને કારણે વિક્ષેપિત થયો હતો. આ ૨૭૦ કિમી લાંબો હાઈવે સતત પાંચમા દિવસે બંધ રહ્યો હતો. ઉધમપુર જિલ્લામાં હિલની નીચે ૨૫૦ મીટર હાઈવે સાફ કરવાના પ્રયત્નો ચાલુ છે. હવામાન વિભાગે ૯ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન કેટલાક સ્થળોએ હળવા વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી પણ કરી છે. દિલ્હીના ઘણા ભાગોમાં રવિવારે વરસાદ સાથે ૩૦-૪૦ કિ.મી.ની ઝડપે ભારે પવન ફૂકાયો હતો. તે જ સમયે, દિલ્હીમાં જૂના રેલવેબ્રિજ પર યમુના નદીનું પાણીનું સ્તર શનિવારે રાત્રે આઠ વાગ્યે ૨૦૫.૯૮ મીટર સુધી પહોંચ્યું હતું, જે ઘણા દિવસોથી ૨૦૭ મીટરની આસપાસ હતું. જો કે, પાણીનું સ્તર હજી પણ ૨૦૫.૩૩ મીટરથી ઉપર છે. ઉત્તરાખંડના ઉત્તરાશી જિલ્લામાં યમુના ખીણમાં ક્લાઉડબર્સ્ટને કારણે નૌગાન વિસ્તારમાં ભારે નુકસાન થયું હતું. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ફેસબુક પર જણાવ્યું હતું કે, ઉત્તરકાશી જિલ્લાના નૌગાંવ વિસ્તારમાં ભારે વરસાદને કારણે નુકસાનના સમાચાર મળ્યા બાદ મેં તરત જ જિલ્લા અધિકારી સાથે વાત કરી અને યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી કરવા નિર્દેશ આપ્યો છે.

બ્રિટન દ્વારા વિજય માલ્યા અને નીરવ મોદીના પ્રત્યારોપણ માટે દિલ્હીની તિહાડ જેલનું નિરીક્ષણ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસના એક પ્રતિનિધિમંડળે તાજેતરમાં દિલ્હીની તિહાડ જેલનું નિરીક્ષણ કર્યું હતું. તેનો હેતુ જેલની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો હતો જેથી નીરવ મોદી અને વિજય માલ્યા જેવા ભાગેડુઓના પ્રત્યાર્પણ કેસમાં બ્રિટિશ કોર્ટમાં સાબિત થઈ શકે કે તેમને તિહાર જેલમાં વધુ સારું અને સુરક્ષિત વાતાવરણ મળશે.

તાજેતરમાં, બ્રિટિશ અદાલતોએ તિહાર જેલની સ્થિતિ અંગે અનેક કેસોમાં ભારતની પ્રત્યાર્પણ અરજીઓ ફગાવી દીધી હતી. આ બાબત ધ્યાનમાં રાખીને, બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસની ટીમ દિલ્હીની તિહાર જેલ પહોંચી અને ત્યાંની સુવિધાઓનો સર્વે કર્યો હતો.

સહારા ઈન્ડિયા સામે EDની કાર્યવાહી, ૧.૭૪ લાખ કરોડ રૂપિયાના કૌભાંડમાં ચાર્જશીટ દાખલ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સહારા ઈન્ડિયા કૌભાંડમાં મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ કોલકાતાની પીએમએલએ કોર્ટમાં સહારા ઈન્ડિયા અને તેના સ્થાપક સુબ્રતો રોયના પરિવાર અને તેમની કંપનીઓના અધિકારીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. તેણે લગભગ ૧ લાખ ૭૪ હજાર કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ લગાવ્યો છે.

તપાસમાં ખુલાસો થયો છે કે સહારા ગ્રુપે કરોડો રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપીને લગભગ ૧.૭૪ લાખ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા, જ્યારે રોકાણકારો તેમના પૈસા ઉપાડવા આવ્યા હતા, ત્યારે તેમને પૈસા પાછા આપવામાં આવ્યા ન હતા. ચાર્જશીટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ઊંચા વળતર આપવાના નામે લોકો પાસેથી કરોડો રૂપિયા લેવામાં આવ્યા હતા. જોકે, આ પૈસા લોકોને પરત કરવામાં આવ્યા ન હતા. ચાર્જશીટમાં સુબ્રતો રોયની પત્ની સપના રોય, તેમના પુત્ર સુશાંતો રોય અને જેપી વર્મા, અનિલ અબ્રાહમ અને અન્ય અધિકારીઓના નામ સામેલ છે. ED સૂત્રોના જણાવ્યા અનુસાર, સુશાંતો રોય તપાસમાં જોડાયા ન હતા અને હવે તેમને ભાગેડુ માનવામાં આવે છે.

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૮-૦૯-૨૦૨૫

ભોજલરામ પૂનમ ગ્રુપ દ્વારા ફતેપુર ખાતે ધ્વજારોહણ કરાયું

અમરેલી, તા.૦૭

અમરેલી શહેરના પટેલ સમાજના યુવકોએ ભોજલધામ ફતેપુર ખાતે દર પૂનમે જવાનો સંકલ્પ કર્યો છે. જે અંતર્ગત રવિવારે યુવાનોએ ભોજલરામ બાપાના મંદિરે મહંત પૂજ્ય ભક્તિ રામ બાપુના સાનિધ્યમાં થાળ અને ધ્વજારોહણનું આયોજન કર્યું હતું. તેમાં દિનેશભાઈ ભુવા, સુરેશભાઈ દેસાઈ સહિતના મોટી સંખ્યામાં પટેલ સમાજના આગેવાનો અને યુવાનો જોડાયા હતા.

ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત સફળ: જરખીયા-હરીપર માર્ગ પર રૂ. ૨ કરોડના ખર્ચે નવો પુલ મંજૂર

લાઠી,તા.૦૭

લાઠી-દામનગર અને બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ પોતાના મતવિસ્તારમાં વિકાસકાર્યોને વેગ આપતાં વધુ એક સિદ્ધિ મેળવી છે. તેમણે લાઠીના જરખીયા અને હરીપરને જોડતા માર્ગ પર નવો પુલ બનાવવા માટે રાજ્ય સરકાર પાસેથી રૂ.૨ કરોડ મંજૂર કરાવ્યા છે. આ નવા પુલના નિર્માણથી જરખીયા અને હરીપર સહિત આસપાસના ગામડાઓના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે, ખાસ કરીને ચોમાસા દરમિયાન જે

મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, તે હવે દૂર થશે. સ્થાનિક ગ્રામજનોએ આ વિકાસકાર્ય માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ પુલનું નિર્માણ તેમની લાંબા સમયથી પડતર માંગણી હતી.

લાઠી-દામનગર અને બાબરાના ગ્રામજનોને મોટી રાહત મળશે; ચોમાસામાં અવરજવરની સમસ્યાનો અંત આવશે

શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા દ્વારા શિક્ષકનું સન્માન: 'ઈનોવેટિવ શિક્ષણ'ને બિરદાવાયું

અમરેલી,તા.૦૭

રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં એક વિશિષ્ટ શિક્ષકનું સન્માન કરવામાં આવ્યું છે.

મંત્રીએ રમત અને રમકડા દ્વારા શિક્ષણ આપવાની તેમની ઈનોવેટિવ કળાને ખાસ બિરદાવી હતી.

પાંચતલાવડા સેવા સહકારી મંડળીઓની સાધારણ સભા મળી

લીલીયા,તા.૦૭

પાંચતલાવડા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા શનિવારે સાંજે સુરેશભાઈ ખુમાણના પ્રમુખસ્થાને મળી હતી. જેમાં વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. મંડળીના ૧૬ લાખ કરતાં વધુ નફામાંથી સભાસદોને ૧૨ ટકા ડિવિડન્ડ અને ભેટ આપવાનું નક્કી કરાયું હતું. સભામાં બેન્કના સિનિયર ઓફિસર મનીષ ધાનાણી, લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર, સ્થાનિક શાખાના સુપરવાઈઝર, કલ્યાણપરના સરપંચ, ગુંદરણ

અને ઢાંગલા મંડળીના મંત્રી પ્રદિપ ધાનાણી તથા મંડળી સાથે જોડાયેલ ગામોના સભાસદો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ખારા મંડળીની સાધારણ સભા પૂજાભાઈ ગરણિયાના અધ્યક્ષ સ્થાને મળેલ જેમાં મંત્રી જયદીપભાઈએ વાર્ષિક હિસાબો અને પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. નફામાંથી સભાસદોને ૧૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરાઈ હતી.

અમરેલી જિલ્લામાં સતત ત્રીજા દિવસે મેઘમહેર

અમરેલી,તા.૦૭

ગુજરાત પર સક્રિય થયેલી સિસ્ટમના કારણે અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મેઘમહેર થઈ રહી છે. ઝાપટા સ્વરૂપે પડતા વરસાદના કારણે ખેતીના પાકો કપાસ અને મગફળીને ફાયદો થશે. બાબરા અને લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો છે જ્યારે જિલ્લાના બાકીના તાલુકામાં આખો દિવસ ઝાપટા સ્વરૂપે વરસાદ પડ્યો



હતો. સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પડતા મૂશળધાર વરસાદને બદલે અમરેલી જિલ્લામાં માપસર વરસાદ પડતા ખેડૂતોએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

રાજુલામાં 'આહિર રેજિમેન્ટ'ની માંગ સાથે રેજાંગલા રજ કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત

રાજુલા,તા.૦૭

ભારત-ચીન યુદ્ધમાં દેશ માટે શહીદ થયેલા ૧૨૦ આહિર જવાનોની વીરતા અને બલિદાનને યાદ કરવા માટે અખિલ ભારતીય યાદવ મહાસભા દ્વારા આયોજિત 'રેજાંગલા રજ કળશ યાત્રા'નું રાજુલા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા આહિર સમાજ ગેટથી રાજુલા શહેરમાં પ્રવેશી હતી, જ્યાં આહિર સમાજના લોકોએ પરંપરાગત વસ્ત્રોમાં કંકુ ચોખાથી કળશને આવકાર્યો હતો. આ પછી આહિર સમાજ દ્વારા આ રેજાંગલા રજ કળશનું ભવ્ય સન્માન કરીને વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા બાદ યોજાયેલી સભામાં 'આહિર રેજિમેન્ટ'ની માંગ સાથે રાજુલા તાલુકાના ભારતીય સેનામાં ફરજ

તસવીર : ગોપાલ રાઠોડ

બજાવતા જવાનો દિનેશભાઈ હડિયા, મનુભાઈ કાતરીયા અને કનુભાઈ વાણીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બિજલ ભગત, વાલદાસ બાપુ અને લક્ષ્મણદાસ બાપુ સહિતના સાધુ-સંતો હાજર રહ્યા હતા. આ ઉપરાંત, રેજાંગલા યુદ્ધમાં શહીદ થયેલા ૧૧૪ વીર જવાનોની યાદમાં વૃક્ષના રોપાનું વિતરણ કરીને તેનું જતન કરવાનો સંકલ્પ પણ લેવાયો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સરોજબેન ડેર, ભાવુબેન આહિર, ઘનશ્યામભાઈ લાખણોત્રા અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

બાબરામાં ભગવાધારી ગ્રુપ દ્વારા ભવ્ય ગણેશ ઉત્સવનું આયોજન

બાબરા,તા.૦૭

બાબરા શહેરના કડા પાસેના વિસ્તારમાં ભગવાધારી ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં રોજબરોજ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગણેશ ઉત્સવ દરમિયાન સવાર, બપોર અને સાંજે ત્રણ વખત આરતી, રાત્રે રાસ-ગરબા અને વિવિધ ગ્રુપો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 'મા ગ્રુપ' અમરાપરાની

બાળાઓએ પણ અનેક કૃતિઓ રજૂ કરી હતી. આ ગ્રુપ માત્ર ગણેશ ઉત્સવ જ નહીં, પરંતુ રામનવમી, હનુમાન જયંતી, જન્માષ્ટમી, હોળી જેવા અનેક ઉત્સવોની ઉજવણી પણ કરે છે. આ ઉપરાંત, ગૌસેવા માટે આ ગ્રુપ અડધી રાત્રે પણ મદદે પહોંચી જાય છે.

કોલડા ગામના કોલેશ્વર ધામમાં સંત કોલવા ભગતના મંદિરે બાવન ગજની ધજા ચડાવાઈ

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના કોલડા ગામમાં આવેલા કોલેશ્વર ધામ, સંત કોલવા ભગતના મંદિરે ભાદરવા સુદ પૂનમના પવિત્ર દિવસે બાવન ગજની ધજા ચડાવીને ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ ધજાના દાતા ઘોઘાવદર ગામના પ્રવીણભાઈ પરસોત્તમભાઈ ટીલાળા હતા. આ પાવન અવસરે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ભાઈ ઉંધાડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધજાની પૂજન વિધિ ગામના રમેશભાઈ રામાણીના

ઘરેથી કરવામાં આવી, ત્યારબાદ આખા ગામમાં વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. કોલવા યુવક મંડળ અને કોલડા ટ્રસ્ટ દ્વારા દર પૂનમે આ મંદિરે બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. આ દિવસે નાના બાળકોને બટુકભોજન કરાવવામાં આવે છે અને દૂર દૂરથી શ્રદ્ધાળુઓ સંત કોલવા ભગતના દર્શન કરવા માટે આવે છે.

અમરેલી શહેરમાં સિદ્ધિવિનાયક સોસાયટીમાં હનુમાન ચાલીસા કેન્દ્રનો પ્રારંભ

અમરેલી,તા.૦૭

અમરેલી શહેરની સિદ્ધિવિનાયક સોસાયટીમાં આવેલ શ્રી ગણપતિ મંદિરે દર શનિવારે યોજાતા હનુમાન ચાલીસા કેન્દ્ર અંતર્ગત ભક્તિમય વાતાવરણમાં હનુમાન ચાલીસાનું પઠન કરવામાં આવ્યું હતું.

આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડૉ. જી.જે. ગજેરા તથા એડવોકેટ દડુભાઈ ખાચર ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે જણાવેલ કે, સમૂહમાં કરવામાં આવતું હનુમાન ચાલીસાનું પઠન સમાજમાં ભક્તિ, શાંતિ, સંગઠન, એકતા અને સકારાત્મક ઊર્જા પ્રસારે

છે. કાર્યક્રમની પૂર્ણાહુતિએ પ્રસાદીનું આયોજન દિનેશભાઈ અને વિરેનભાઈ માંડલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગણપતિ મંદિર તરફથી આઈસક્રીમ પ્રસાદીનું પણ આયોજન લલિતભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. સોસાયટીના સભ્ય પ્રા. એમ.એમ. પટેલ, ટોમભાઈ અગ્રાવત, હરેશભાઈ પંચોલી, ભરતભાઈ ટી. પટેલ, રણછોડભાઈ રાઠોડ, આર. ડી. ઝાલા, અરવિંદભાઈ સોલંકી, દિનેશભાઈ માંડલીયા, રુચિતભાઈ પટેલ, વિરેનભાઈ માંડલીયા, ભટ્ટભાઈ, કલ્યાણભાઈ દુધરેજીયા, આકાશભાઈ અગ્રાવત વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી. ખાંભલીયા એડવોકેટએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે :- કાકચના ખેડ ખાતા નં. ૨૦૦૩ જેના સર્વે નં. ૩૫૬ જેનુ કુલ. ક્ષેત્રફળ :- ૨-૩૧-૬૯ હે.આરે.ચો.મી. છે જે જુની શરતની છે. જે ખેતીની બિન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) પૃથ્વીરાજસિંહ યુવરાજસિંહ રાણાના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગ ભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહીં, જેની જનતાને નોંધ લેવી.

સરનામુ:-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા—૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી. આપનો વિશ્વાસુ

અમરેલી બિલ્ડર એસોસિએશનની જનરલ બોર્ડ મિટિંગ મળી, આયોજન અને સહયોગ પર ચર્ચા

અમરેલી,તા.૦૭

અમરેલી બિલ્ડર એસોસિએશનની જનરલ બોર્ડ મિટિંગ ભવ્ય આયોજન સાથે યોજાઈ હતી. કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના ઉપદંડક અને અમરેલીના લોકપ્રિય ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, નગરપાલિકા ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ, ટીપી શાખાના ચેરમેન ચિરાગભાઈ ચાવડા, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, બાંધકામ શાખાના ચેરમેન સંદીપભાઈ માંગરોળીયા, બાંધકામ શાખાના પૂર્વ ચેરમેન પીન્ટુભાઈ કુરુંદલે, અમરેલી નગરપાલિકાના સદસ્ય હરીભાઈ કાબરીયા, સંજયભાઈ માલવીયા અને એન્જિનિયર એસોસિએશન પ્રમુખ કિશોરભાઈ જાની તથા વિમલભાઈ રામદેવપુત્રા તથા મનીષભાઈ સુખડિયા તથા એન્જિનિયર મિત્રો, દલાલ એસોસિએશનમાંથી મહેન્દ્રભાઈ પટેલ અને નગરપાલિકાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગમાં બિલ્ડર એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ સોળિયાએ NOC, BU સર્ટિફિકેટ, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને આવનારા ડીપી તથા ટીપી રોડના વિકાસ જેવા મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા. તેમણે એસોસિએશન દ્વારા શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરવાની દિશા દર્શાવી. ઉપરાંત વીમા પોલિસી, સેમિનાર અને ગુજરાત કેડાય એસોસિએશન સાથેની ચર્ચા અંગે માહિતી આપી.

અતુલભાઈ કાનાણીએ અમરેલીના વિકાસ માટે બિલ્ડર એસોસિએશનની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સહયોગ આપવાની ખાતરી આપી. કૌશિકભાઈ વેકરીયાએ બિલ્ડરોને ગુણવત્તાસભર પ્રોજેક્ટ દ્વારા અમરેલીનું નામ ઉજ્જવળ કરવાની અપીલ કરી. તેમણે બિલ્ડર એસોસિએશનના પ્રશ્નો તાત્કાલિક ઉકેલવા અને તમામ સભ્યોને એકતા સાથે વિકાસમાં યોગદાન આપવા હાકલ કરી. વિનોદભાઈ રાઠોડે નગરપાલિકા તરફથી જરૂરી સહકાર આપવાની ખાતરી આપી. મિટિંગમાં નવા સભ્યોનું સન્માન કરવામાં આવ્યું અને આગલા દિવસોમાં એસોસિએશનને વધુ મજબૂત બનાવવા હાકલ કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન મહામંત્રી સંજયભાઈ વાગડિયાએ કરી દરેક કાર્યક્રમ કરવા માટે ખોડલધામ પાર્ટી પ્લોટને ખુલ્લો મુકેલ છે તેવા દીયાળભાઈ સંઘાણીનો પણ આભાર માનેલ હતો. બિલ્ડર એસોસિએશનના ઉપપ્રમુખ રાજુભાઈ શિયાણી, દીપકભાઈ મહેતા, દયાળભાઈ સંઘાણી અને ખજાનચી હિરેનભાઈ રાસડીયા, જયંતીભાઈ મનાણી, મનસુખભાઈ ચૌહાણ અને સહખજાનચી જયસુખભાઈ દેવાણી, ચંદુભાઈ ખણેચા, મહામંત્રી ચંદુભાઈ વોરા, સંજયભાઈ વાગડિયા, મંત્રી, દિવ્યેશભાઈ તળાવીયા, મહેશભાઈ જાવિયા, સહમંત્રી વિજયભાઈ કાછડીયા, જયસુખભાઈ પાનેલીયા અને સલાહકાર સમિતિ જીગ્નેશભાઈ રામાણી (ડેનીભાઈ), જયંતીભાઈ ડોબરીયા, ભરતભાઈ નવાપરીયા, બ્રિજેશભાઈ સંપટ, સંદીપભાઈ ઉભડા, પારસભાઈ છત્રોલા, જગદીશભાઈ કે. ટાંક, સુધીરભાઈ પોકિયા, ચંદુભાઈ મેતેલીયા, વિપુલભાઈ બાંભરોલિયા, ચુનીભાઈ ગજેરા, મનોજભાઈ વામજા, નરેશભાઈ કાવઠીયા, નરેશભાઈ સાકરીયા, જતીનભાઈ ચંદારાણા અને તમામ સભ્યો હાજર રહ્યા હતા.

ગજેરા કેમ્પસની બેન્ડ ટીમ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ: જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું

અમરેલી,તા.૦૭

શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા સ્કૂલની બેન્ડ ટીમે જિલ્લા કક્ષાના કલા મહાકુંભ બેન્ડ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન મેળવ્યું છે અને હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તારીખ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ અમરેલી ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં જિલ્લાની

અનેક શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગજેરા વિદ્યાસભાની બેન્ડ ટીમના કેપ્ટન રોનક પરમારની આગેવાની હેઠળ અર્જુન મકવાણા, રોહન સરેખાડા, જય દાણીધારીયા, યસ મોણિયા, સુમિત રાઠોડ, શિવમ પરમાર, લવ બકુલીપરા, કાર્તિક પરમાર, દર્શન ગેલાણી, માહિર ગોજારીયા, રુદ્ર સવાલિયા, પાર્થ સાપરા, ક્રિપાલ રાઠોડ, વિરાજ નિમ્બાર્ક, આરુષ રમણી, દર્શ જોટાનિયા અને આદિત્ય મેરિયાનો વિજય થયો હતો. વિજેતા ટીમના તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

સા.કુંડલા નેસડી રોડ પર સુવિધાયુક્ત એસ.ટી.પીકઅપ સ્ટેન્ડની માગણી

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલાથી ચલાલા, ધારી, બગસરા, જૂનાગઢ, વિસાવદર, સતાધાર, બિલખા, જેતપુર વગેરે શહેરો તરફ બસ માટે તેમજ અહીંથી વાયા ચલાલા તરફ જવા માટે સાવરકુંડલાના નેસડી રોડ પર હાલ કોઈ સુવિધાસભર પીકઅપ બસસ્ટેશનની સુવિધા ઉપલબ્ધ નથી. લોકો અહીંથી વરસાદ, તડકો અને ઠંડીમાં



પણ ઊભા રહીને બસ પકડે છે. ઘણીવાર તો બસ મોડી હોય કે કેન્સલ હોય ત્યારે વૃદ્ધજનો અને બાળકો સાથે મહિલાઓની હાલત પણ કફોડી હોય છે. તાપ, કે વરસાદ વચ્ચે પણ નાછૂટકે અહીં નેસડી રોડ પર મુસાફરો બસની જોતા ઉભા હોય છે. નગરપાલિકા દ્વારા આ વિસ્તારના લોકોની હાલાકી નિવારવા માટે અહીં સુવિધાયુક્ત શૌચાલય સાથેનું એક પીકઅપ બસ સ્ટેશન તાત્કાલિક બનાવવા માટે માગણી કરવામાં આવી રહી છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળા આ સંદર્ભે અંગત રસ લઈને એસ ટી પીકઅપ બસ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

લીલીયાના બવાડી પ્રાથમિક શાળાના વરુણ દવેની જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

લીલીયા,તા.૦૭

લીલીયા તાલુકાના બવાડી પ્રાથમિક શાળાના ટેકનોલોજી શિક્ષક વરૂણભાઈ અતુલભાઈ દવે જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત થયા છે. પાંચમી સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં જિલ્લા તથા તાલુકા કક્ષાએ પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરીને તેમને સન્માનિત કરવામાં આવેલા. જેમાં મુખ્ય ઉપસ્થિતિ

કૌશિકભાઈ વેકરીયા નાયબ દંડક ગુજરાત વિધાનસભા, જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સોલંકીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બવાડી પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક જેઓએ ટેકનોલોજી આધારિત શિક્ષણની સાથે કુલ સાત નવતર પ્રયોગ કરેલા છે અને તેમાંથી એક નવતર પ્રયોગ રાજ્ય કક્ષાએ છે.

વરૂડી (અમરપુર) ગામમાં સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૭

ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વરૂડી (અમરપુર) ગામમાં સ્તન કેન્સર જાગૃતિ

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૫/૯/૨૦૨૫ ના રોજ ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત આશાદીપ ફાઉન્ડેશનના સહયોગથી વરૂડી ગામમાં ૩૦ બહેનો સાથે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાંત નીતાબેન જોશી દ્વારા સ્તન કેન્સરની બીમારીની સમસ્યા અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજુલા-જાફરાબાદમાં ગણેશ ઉત્સવનું સમાપન: ભક્તોએ ગુંજાવ્યા 'ગણપતિ બાપા મોરિયા'ના નાદ

રાજુલા,તા.૦૭

રાજુલા અને જાફરાબાદ તાલુકામાં દસ દિવસ સુધી ધામધૂમથી ઉજવાયેલા ગણેશોત્સવનું અનંત ચતુર્દશીના દિવસે ભવ્ય સમાપન થયું હતું. આ વર્ષે તાલુકાના ૨૦૦થી વધુ પંડાલોમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી, જ્યાં ભક્તોએ દસ દિવસ સુધી સત્યનારાયણ કથા, ભજન-કીર્તન, સત્સંગ અને અન્નકૂટ દર્શન જેવા ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લીધો

તસવીર : ગોપાલ રાઠોડ

હતો. વિસર્જન દિવસે ભક્તોએ રાસ-ગરબા, ઢોલ-નગારા અને પૂજન-આરતી સાથે વિસર્જન યાત્રા કાઢી હતી. યાત્રા શહેરના મુખ્ય ચોક, કુંભારવાડા, સંઘવી ચોક, હોળિયા હનુમાન મંદિર ચોક અને અંબામાતા મંદિર સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. હજારોની સંખ્યામાં ભક્તો જોડાતા સમગ્ર શહેર 'ગણપતિ બાપા મોરિયા'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
- કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

અવસાન નોંધ

સાવરકુંડલા

અશોકભાઈ ભીમજીભાઇ બોરીસાગર (ઉ.વ.૬૪) તે લાભશંકરભાઈ બોરીસાગર, મૂળશંકરભાઈ બોરીસાગર, મનસુખભાઈ બોરીસાગર, ભાનુશંકરભાઈ બોરીસાગરના ભાઈ થાય તથા ધવલભાઇ બોરીસાગરના પિતાશ્રીનું તા. ૪/૯/૨૫ ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા. ૮/૯/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે "બ્રહ્મપુરી" કોલેજ રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

ભરતભાઈ મનુભાઈ બાળધા (ઉ.વ.૫૩) તે શુભમ બાળધા, શિવમ બાળધાના પિતાશ્રીનું તા.૫/૯/૨૫ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા.૯/૯/૨૫ ને મંગળવારના રોજ સવારે ૮ થી ૩ કલાકે જી.અમરેલી તા.સાવરકુંડલા ગામ પીઠવડી રાખેલ છે.

સાવરકુંડલા

લાભુબેન માવજીભાઈ પરમાર (ઉ. વ.૯૦) તે મૂળજીભાઈ પરમાર, દામજીભાઈ પરમાર, જીવરાજભાઈ પરમારના માતૃશ્રીનું તા.૪/૯/૨૫ ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૮/૯/૨૫ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને સહજાનંદનગર જુનો કાનાતળાવ રોડ ઘંટીવાળુ નાકુ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

બાબુભાઈ કરમશીભાઈ ગોહિલ(ઉ.વ.૭૪) તે દામજીભાઈ કરમશીભાઈ ગોહિલ, સ્વ. છગનભાઇ કરમશીભાઈ ગોહિલ, સ્વ.અમુભાઈ કરમશીભાઈ ગોહિલ, સ્વ.મનુભાઈ કરમશીભાઈ ગોહિલ, પોપટભાઇ કરમશીભાઈ ગોહિલના ભાઈ તથા પ્રવીણભાઈ બાબુભાઈ ગોહિલ અને બીપીનભાઇ બાબુભાઈ ગોહિલના પિતાશ્રીનું સવંત:૨૦૮૧ ને ભાદરવા સુદ–૧૪ શનિવાર તા:૬/૯/૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા:૮/૯/૨૦૨૫ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે "રણુજા" (રામદેવ વાળા) રામજીમંદિર વાળો રસ્તો સર્વોદય નગર, નેસડી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

બાબરામાં નવચેતન મિત્ર મંડળ દ્વારા ભવ્ય ગણેશોત્સવ યોજાયો

બાબરા,તા,૦૭

બાબરામાં ખોજા ખાનાશેરી વિસ્તારમાં નવચેતન મિત્ર મંડળ ગ્રૂપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન દરરોજ સવારે, બપોરે અને સાંજે થાળ અને મહાઆરતીનું અને દરરોજ રાત્રે વિવિધ કાર્યક્રમોનુ

આયોજન કરાયું હતું. મિત્ર મંડળ દ્વારા બટૂકભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણપતિ બાપ્પાના દર્શનનો લાભ લેવા દરરોજ મોટી સંખ્યામાં ભક્તો આવતા હતા.

લીલીયા મોટા ભાભા માર્કેટ યાર્ડ

:: જાહેર સુચના ::

સીસીઆઈમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેકાના નક્કી થયા મુજબ રૂ.૧૬૧૨/- ના ભાવેથી કપાસ વેંચવા માંગતા લીલીયા તાલુકાના ખેડૂતોએ **''કપાસ કિસાન''** મોબાઈલ એપ્લિકેશનમાં તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પોતાની નોંધણી કરાવી લેવી ફરીજીયાત છે. ગાફલતમાં ન રહેવા કરતા આજે જ આપની નોંધણી કરાવી લેવી જો નોંધણી કરાવેલી હશે તો વેચી શકાશે.

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.51/2025

પ્રતિ,
શ્રી મનુભાઈ લખમણભાઈ રાઠોડ,
રહે.જીથલા, ગામ-જીથલા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.પી.રાઠોડ, કોડીનાર .....**અરજદાર**
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, જીથલા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના જીથલા ગામના રહીશ શ્રી મનુભાઈ લખમણભાઈ રાઠોડના માતા સ્વ. સાજણબેન લખમણભાઈ રાઠોડનું મરણ તારીખ: **15/10/1999**ના રોજ કોડીનાર તાલુકાના જીથલા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના જીથલાના સને **1999** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

સાવરકુંડલામાં અદ્યતન પશુ દવાખાના માટે સરકાર દ્વારા રૂ. ૧.૧૧ કરોડ ફાળવાયા

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલા શહેરમાં નવા પશુ દવાખાના માટે રૂ.૧.૧૧ કરોડની રકમ ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ ભંડોળનો ઉપયોગ અદ્યતન સુવિધાઓ ધરાવતું નવું બિલ્ડિંગ બનાવવા માટે કરવામાં આવશે. આ નવા દવાખાનાથી પશુઓની સારવારમાં સુધારો થશે અને સ્થાનિક પશુપાલકોને વધુ સારી સેવા પૂરી પાડી શકાશે. આ વિશે

ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઇ પટેલનો આભાર વ્યક્ત કરું છું. આ નવું દવાખાનું સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોના પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. જેનાથી પશુપાલકોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે. સાવરકુંડલા તાલુકામાં પશુ દવાખાનું મંજૂર થતાં માલધારી સમાજના મયુરભાઈ રબારી, લાલભાઈ ગોહિલ, હરિભાઈ ભરવાડ, કરશનભાઈ આલ, જયદીપભાઈ રબારી, ઘનસુખભાઈ રબારી, અમિતભાઈ મેવાડાએ ગુજરાત સરકાર અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનો આભાર માન્યો હતો.

લાઠીના ભીંગરાડ ગામના યુવક સાથે ઈંટોનું મશીન બનાવવાના બહાને બે લાખની છેતરપિંડી

લાઠી, તા.૦૭

લાઠીના ભીંગરાડ ગામે રહેતા એક યુવકને ઈંટોનું મશીન બનાવી આપવાના બહાને સુરતના યુવકે બે લાખની છેતરપિંડી કરી હતી. બનાવ અંગે પરેશભાઈ ભીખાભાઈ સોલંકી (ઉ.વ.૩૮)એ મયુરભાઈ ગોપાલભાઈ પાઘડાળ સામે ફરિયાદ નોંધાવી હતી. પરેશભાઈ સોલંકીને ઈંટ બનાવવાનું મશીન ખરીદવું હતું, તેથી તેણે ઈન્ડિયન માર્ટ એપ્લિકેશન પર આરોપીનો સંપર્ક કર્યો. આરોપી સાથે વાતચીત થયા બાદ ફરિયાદીએ રૂ. ૨૨,૦૦૦ અને જીએસટીમાં નાનું મશીન બનાવવાનો ઓર્ડર આપ્યો હતો. પરંતુ, જ્યારે ફરિયાદી રૂબરૂ મશીન જોવા માટે સુરત ગયો ત્યારે મશીન નાનું લાગતા તેણે ઓર્ડર રદ કરાવ્યો હતો. આ સમયે આરોપીએ મોટું મશીન બનાવી આપવાની વાત કરી અને રૂ. ૪ લાખની કિંમત નક્કી કરી હતી. ફરિયાદીએ એડવાન્સમાં રૂ. ૨ લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ આરોપીએ મશીનની કિંમત રૂ. ૧૮ લાખ થશે તેમ જણાવતા ફરિયાદીએ મશીન લેવાનો ઈનકાર કર્યો અને પોતાના એડવાન્સ પૈસા પરત માંગ્યા હતા. આરોપીએ પૈસા પરત આપવામાં વાયદાઓ કર્યા અને બાદમાં ફરિયાદીને ઉધના પોલીસ સ્ટેશનમાં મળવા બોલાવ્યો. પોલીસ સ્ટેશનમાં આરોપીએ બે હપ્તામાં પૈસા પરત આપવાની લેખિત ખાતરી આપી અને રૂ. ૧.૭૦ લાખનો ચેક આપ્યો હતો. પરંતુ, ૪ જૂન, ૨૦૨૫ના રોજ આ ચેક અપૂરતા બેલેન્સને કારણે રિટર્ન થયો હતો. આરોપીએ તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનો ખ્યાલ આવતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરા તાલુકાના અમરાપરા ગામેથી સાત શકુની ઝબ્બે

બાબરા, તા.૦૭

બાબરાના અમરાપરા ગામેથી પોલીસે સાત શકુનીને ઝડપી પાડ્યા હતા. પોલીસે કુલ મળીને ૧૦,૮૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. યુવરાજભાઈ રાજેશભાઈ વાઘેલા, સાગરભાઈ હરેશભાઈ વાઘેલા, ગોપાલભાઈ ચનાભાઈ સુસરા, અજયભાઈ અરવીંદભાઈ રાઠોડ, મયુરભાઈ સુરેશભાઈ પરમાર, તુષારભાઈ મુકેશભાઈ ચૌહાણ તથા વિપુલભાઈ કાળુભાઈ રાઠોડ જાહેરમાં લાઈટના અંજવાળે તીનપત્તીનો હારજીતનો પૈસા તથા પાના વડે જુગાર રમતાં રોકડા રૂ.૧૦,૮૪૦ સાથે ઝડપાયા હતા.

રૂ.૧૦,૮૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

કુંકાવાવના જીથુડી ગામે ગણપતિ બાપાની ભવ્ય વિસર્જન શોભાયાત્રા યોજાઈ

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે ખોડિયાર માતાજીના મંદિર ખાતે ગણપતિ બાપાના વિસર્જન માટે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત પ્રતાપગીરી બાપુ દ્વારા આયોજિત સત્યનારાયણ કથાના કાર્યક્રમના સમાપન બાદ આ શોભાયાત્રા નીકળી હતી.

'ગણપતિ બાપા મોરિયા'ના નાદ સાથે વાજતે ગાજતે, ઢોલ-નગારા સાથે નીકળેલી આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. યુવાનો અને મહિલાઓનો ઉત્સાહ ચરમસીમાએ હતો અને આ નાદથી સમગ્ર જીથુડી ગામ ગુંજી ઉઠ્યું હતું. શોભાયાત્રા બાદ, ગણપતિ બાપાની મૂર્તિનું ચોખ્ખા જળમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઝરમર વરસાદ પણ વરસી રહ્યો હતો, જેના કારણે ભક્તોએ ગણપતિ બાપાને વિદાય આપતા દિવ્ય અનુભવ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ ભક્તિમય અને આનંદના વાતાવરણમાં સંપન્ન થયો હતો.

ધારીના દહીંડા ગામે પતિએ પત્નીને કમર બેલ્ટથી મારતાં કાનમાંથી લોહી નીકળ્યું

પેટમાં પાટા મારીને મુંઢ ઈજા પણ કરી

ધારી, તા.૭

ધારીના દહીંડા ગામે એક પતિએ તેની પત્નીને કમર બેલ્ટથી ફટકારી હતી. જેના કારણે તેને કાનમાંથી લોહી નીકળી ગયું હતું. ઉપરાંત પતિએ પેટમાં પાટા મારીને મુંઢ ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે ગુલાબબેન વાળા (ઉ.વ.૩૫) એ પતિ જયરાજભાઈ દડુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિ છેલ્લા થોડા સમયથી તેને કોઈને કોઈ બહાને ત્રાસ આપતો હતો. તેણે કમર બેલ્ટ વડે મારતાં કાનમાંથી લોહી નીકળે તેવી ઈજા કરી હતી. તેમજ પેટમાં પાટા મારી મુંઢ ઈજા કરીને જાનથી મારવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના માધવજીભાઈ લક્ષ્મણભાઈ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના હિંડોરણા ગામનો બનાવ

'તમે માટીનું પુરાણ કરાવેલું છે તો શેરીમાં પાણી ભરાય છે' તેમ કહી મુંઢમાર માર્યો

રાજુલા, તા.૦૭

રાજુલાના હિંડોરણા ગામે 'તમે શેરીમાં માટીનું પુરાણ કરાવ્યું છે, જેના કારણે પાણી ભરાઈ જાય છે' તેમ કહી ગાળો આપી હતી. બનાવ અંગે સુખાભાઈ ટીડાભાઈ પટાટ (ઉ.વ.૩૨)એ દેગણભાઈ હાદાભાઈ ભીલ તથા તેમના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સુખાભાઈએ અગાઉ તેમની શેરીમાં માટીનું પુરાણ કરાવ્યું હતું. આ બાબત દેગણભાઈને પસંદ ન હોવાથી બંને વચ્ચે અવારનવાર બોલાચાલી થતી હતી. આ બાબતનું મનદુઃખ રાખીને દેગણભાઈએ તેમને "તમે માટીનું પુરાણ કરાવ્યું હોવાથી શેરીમાં પાણી ભરાય છે" કહી ત્યારબાદ દેગણભાઈએ વિજયભાઈને ગાળો આપી હતી. આ સમયે દેગણભાઈએ લાકડાના સણાથા વડે સુખાભાઈની ડાબી આંખ પર હુમલો કર્યો. આ હુમલામાં સુખાભાઈની આંખના નીચેના ભાગે ગંભીર ઈજા થઈ અને આઠથી દસ ટાંકા આવ્યા હતા. દેગણભાઈએ સુખાભાઈને ઢીકાપાટુનો માર પણ માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન દેગણભાઈના પત્નીએ તેમના ભત્રીજા વિજયભાઈને પીઠના ભાગે પથ્થર માર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

ફરિયાદીના ભત્રીજાને પણ પથ્થરનો ઘા માર્યો

અમરેલીના કેરીયાચાડ ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખમાં માથામાં કુહાડીનો ઘા માર્યો

અમરેલી, તા.૦૭

અમરેલીના કેરીયાચાડ ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખમાં માથામાં કુહાડીનો ઘા મારવામાં આવ્યો હતો તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે કાળુભાઈ ભાભલુભાઈ ધાધલ (ઉ.વ.૪૨)એ ભયલુભાઈ ભાભલુભાઈ ધાખડા તથા નિરૂભાઈ ભાભલુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ કેરીયાચાડ ગ્રામ પંચાયતની ચૂંટણીનું મનદુઃખ રાખી ફોર વ્હીલ લઈ તેમના મકાને આવ્યા હતા. ફોર વ્હીલ ડેલા સાથે ભટકાવીને ડેલો પાડી નાખ્યો હતો. તેમજ ભયલુભાઈ ધાખડાએ માથામાં કુહાડીનો ઘા માર્યો હતો. નિરૂભાઈ ધાખડાએ લોખંડના પાઈપ વતી શરીરે મરણતોલ માર માર્યો હતો તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓ.કે. જાડેજા બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૦૮-૦૯-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૨,
સૂર્યાસ્ત-૦૬:૩૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વભાદ્રપદ

દૈનિક રાશિફળ

તા.૦૮-૦૯-૨૦૨૫ સોમવાર

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય જે લોકો ધંધામાં છે તેને લાભ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે.

ચોરોએ ભગવાનને પણ ન છોડ્યાં

વડીયાના મોટી કુંકાવાવ ગામે મંદિરની દાન પેટીનું તાળું તોડી રોકડા ૪૫૦૦ની ચોરી

વડીયા, તા.૦૭

વડીયાના મોટી કુંકાવાવ ગામે તસ્કરોએ મંદિર સહિત એક મકાનને પણ નિશાન બનાવ્યું હતું. કુલ ૧૯,૫૦૦નો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પૂજારી દલપતગીરી શાંતિગીરી ગોસ્વામી (ઉ.વ.૬૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ચોર ઈસમ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સવા સાત વાગ્યાથી તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ સવારના આશરે પાંચ વાગ્યા દરમ્યાન મોટી કુંકાવાવ મોદી પ્લોટ વિસ્તારમાં આવેલ સોમનાથ મહાદેવ મંદિરની દીવાલ ટપી અંદર પ્રવેશ્યા હતા. મંદિરના મુખ્ય દરવાજા પાસે ખુલ્લી ઓસરીની દીવાલમાં લગાડેલ દાનપેટીનું તાળું તોડી તેમાંથી આશરે રોકડા રૂ.૪૫૦૦ તથા મંદિરની સામે આવેલા ભોળાભાઈ વઘાસીયાના નવા બનતા મકાનમાંથી મોબાઈલ કિં.રૂ.૧૫,૦૦૦ ચોરી કરી કુલ કિં.રૂ.૧૯,૫૦૦ ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

તસ્કરોએ મંદિર સહિત મકાનને પણ નિશાન બનાવ્યું

જિલ્લામાં એક મહિલા સહિત પાંચ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં પોલીસે એક મહિલા સહિત કુલ પાંચ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. રાજુલામાં ત્રણ સ્થળેથી ચાર લીટર, બગસરામાંથી બે લીટર તથા ખાન ખીજડીયા ગામે મહિલા પાસેથી બે લીટર મળી કુલ આઠ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. અમરેલી સિટીમાંથી બે અને ધારગણી ગામેથી એક મળી કુલ ત્રણ ઈસમો નશામાં ફરતા મળી આવ્યા હતા.

ધારીના કાંગસા ગામે મહિલાએ એસિડ પીતાં સારવારમાં મોત

ધારી, તા.૦૭

ધારીના કાંગસા ગામે રહેતી એક મહિલાએ એસિડ પીતાં સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે ચતુરભાઈ ભનુભાઈ ડેડાણીયા (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, ગંગાબેન સવજીભાઈ ડેડાણીયા (ઉ.વ.૯૦)એ અગમ્ય કારણોસર એસિડ પી જતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

સા.કુંડલામાં જશને ઈદે મિલાદુનબીનું જુલૂસ કોમી એકતા સાથે શાંતિપૂર્વક યોજાયું

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલામાં કોમી એકતા અને ભાઈચારાની લાગણી વચ્ચે જશને ઈદે મિલાદુનબીનું જુલૂસ શાંતિપૂર્ણ રીતે શાનોશોકતથી ઉજવાયું હતું. ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહમ્મદ પેગમ્બર સાહેબના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં ઠેર ઠેર જુલૂસ નીકળ્યા હતા. જેમાં સાવરકુંડલા ખાતે પીરે તરીકત દાદાબાપુ કાદરીની દુઆ અને પીર સૈયદ મુનીર બાપુ કાદરીની રાહબરી નીચે અત્રેની

જુમ્મા મસ્જિદ પાસેથી એક વિશાળ જુલૂસ નીકળેલ હતું. આ જુલૂસ શહેરના વિવિધ વિસ્તારમાં ફર્યું હતું. લીમડી ચોકના વિશાળ પટાંગણમાં ધર્મસભાના રૂપમાં ફેરવાઈ ગયેલ હતું ત્યાં નાત શરીફ સલાહ તો સલામ વિગેરે ધાર્મિકમય કાર્યક્રમ કરી સમાપ્ત કરવામાં આવેલ હતું. આ જુલૂસમાં વિવિધ જ્ઞાતિના પ્રમુખો સાદા તે ઉમા એ ઉલમ કિરામે સહિત હજારોની સંખ્યામાં મુસ્લિમ જોડાયા હતા.

બાબરામાં જય વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

બાબરા,તા.૦૭

બાબરા શહેર અને તાલુકાના ચુવાળિયા કોળી ઠાકોર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા અને તેમને સન્માનિત કરવા માટે જય વેલનાથ પ્રગતિ મંડળ, બાબરા દ્વારા એક ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫, ગુરુવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે પ્રજાપતિ સમાજની વાડી, બાબરા ખાતે યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને અમરેલીના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જયદીપસિંહ સોલંકી રહેશે, જ્યારે મુખ્ય મહેમાન તરીકે એલસીબી, અમરેલીના પોલીસ ઈન્સ્પેક્ટર વિજયભાઈ એમ. કોલાદરા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ આગળ વધવા પ્રોત્સાહિત કરવાનો અને સમાજમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને યોગ્ય સન્માન આપવાનો છે.

તસવીર : વિજય માલી

તંત્રી લેખ

રાષ્ટ્રની આર્થિક પ્રગતિ યથાવત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી સુધારા પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી; અને આ દાયકામાં, ભારત સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આપણા વિશે બધું બદલાઈ ગયું છે. ઓપરેશન સિંદૂર એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સામાજિક રીતે આપણી રહેવાની રીત, આપણી કામ કરવાની રીત, આપણી જાતને સંચાલિત કરવાની રીત અને, દરેક કિસ્સામાં, અને બધા ભારતીયો માટેનું પ્રેરક પરિબળ ગત દાયકામાં શરૂ થયેલા સુધારાઓ છે.

આ સુધારાઓએ આપણા માટે, હવે, વ્યક્તિગત, રાજકીય અને આર્થિક પસંદગીઓના એકદમ નવા મેનુનો સામનો કરવાનું શક્ય બનાવ્યું છે - જે એક દાયકા પહેલા પણ અશક્ય હતું. આજના અને આ દાયકા માટેના પડકારો, તેથી કોંગ્રેસ રાજની ભારતની મોટાભાગની નકારાત્મક આર્થિક અસરોને સાફ કરવામાં આપણને સફળતા મળી છે. જો આપણે તે સમયે ઘણા ક્ષેત્રોમાં સુધારા કરવામાં સફળ ન થયા હોત તો તે પડકારો આપણી સામે ન આવ્યા હોત.

નવી ઇચ્છા યાદીમાં ટોચ પર પર્યાવરણની ચિંતાઓને ઔદ્યોગિક વિકાસની માંગ સાથે સમાધાન કરવાની રહેશે; રાજ્ય અને ઉદ્યોગ સંસાધનોની વાજબી કિંમત ચૂકવે તે સુનિશ્ચિત કરવાની અને અંતે ખાતરી કરવાની રહેશે કે આપણા સૌથી ઓછા ૧૦ ટકા લોકોને ખોરાક મળે. જેઓ તેમનાથી ઉપર છે તેમને આરોગ્ય સંભાળ અને બાકીના લોકોને યોગ્ય શિક્ષણની સુવિધા મળે છે.

ખરેખર, આ સમયે ભારતમાં ભ્રષ્ટાચાર સામેનો આક્રોશ નવા સુધારાનો જન્મ છે, અને આ સુધારાઓની ગતિ સાથે ઘણો સંબંધ ધરાવે છે. યાદ રાખો, કોંગ્રેસ શાસન સમયના ભારતમાં ભ્રષ્ટાચાર એક ચોક્કસ તત્વ હતું જ્યાં રોજગાર, મૂળભૂત જરૂરિયાતો અને આવશ્યક સેવાઓ મેળવવામાં દરેકને સમય લાગતો હતો. આ ભારતીય સુધારાની શરૂઆત વર્ષના શ્રેષ્ઠ સમર્થનમાં છે. તેમાં ચેતવણીઓ હોઈ શકે છે. નવી દિલ્હી સ્થિત સેન્ટર ફોર પોલિસી રિસર્ચના પ્રમુખ કહે છે કે તેઓ ૨૦૧૧ માટે યાદીને નવા તરીકે વર્ગીકૃત નહીં કરે, પરંતુ ચોક્કસપણે સૌથી વિવાદાસ્પદ તરીકે વર્ગીકૃત કરશે. તેઓ સંમત થયા કે 'પ્રમાણમાં નવા' સુધારા પગલાં કેન્દ્ર સ્થાને કેમ ગયા છે તે વિકાસ દબાણને કારણે છે. બદલામાં, દબાણ, અત્યાર સુધી હાથ ધરવામાં આવેલા સુધારાઓની સફળતામાંથી ઉદ્ભવે છે. '૧૯૯૧ થી મેનુના મોટા ભાગ પર, દેશે ઘણા સુધારાઓ કર્યા છે. ઉદાહરણ તરીકે, વેપાર અને ટેરિફ મુદ્દાઓ પર, તેમજ ઔદ્યોગિક અને મૂડી બજાર સંબંધિત બાબતો પર', તે નિર્દેશ કરે છે. મીડિયા મોટી સંખ્યામાં સફળતાઓનો ઉલ્લેખ કરે છે, પરંતુ આ સરકારમાં ઘણા ટીકાકારો છે, જેઓ સુધારાના આ ક્રમને સમજવામાં નિષ્ફળ જાય છે. તેમના આ કૃત્ય છેલ્લા બે દાયકામાં ભારતે જે પસંદગીઓ કરવી પડી હતી તેની સમજ ચૂકી જાય છે. ભારત અને અમેરિકા વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશો છે અને તેઓ પરસ્પર હિતો માટે સહયોગ કરતા રહ્યા છે. તાજેતરના વર્ષોમાં સંરક્ષણ, ટેકનોલોજી અને સુરક્ષાના ક્ષેત્રોમાં તેમનો સહયોગ વધ્યો છે, જે દર્શાવે છે કે વેપાર વિવાદોથી સંબંધોની મૂળભૂત મજબૂતાઈને બહુ અસર થતી નથી. બંને દેશોના નેતાઓ પણ આ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે દ્રઢ નિશ્ચયી છે.

ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે તેના ઊર્જા હિતોનું રક્ષણ કરશે અને રશિયા પાસેથી તેલ ખરીદવાનો નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા અને ઉર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. ભારતે એ પણ જણાવ્યું છે કે રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવાથી દેશના આર્થિક હિતોનું રક્ષણ થાય છે, અને આ કોઈ દેશ વિરુદ્ધની નીતિ નથી. અમેરિકાના પ્રતિબંધો હોવા છતાં ભારતની આર્થિક પ્રગતિને નહીંવત અસર થઈ છે. આંતરરાષ્ટ્રીય આર્થિક માપદંડ સંસ્થાએ પણ ભારતને આ પ્રમાણપત્ર આપેલું છે જે આપણા માટે ગૌરવની વાત છે.

ભારતની વ્યાપાર નીતિમાં રાષ્ટ્રીય હિત પ્રથમ છે, અમેરિકા સાથેના વ્યાપારમાં તે પોઝિટિવ છે

પ્રાસંગિક
સુરેશ પટેલ

વિશ્વના સૌથી જૂના લોકશાહી દેશ તરીકે અમેરિકાની ગણના થાય છે બીજી બાજુ વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે ભારતની પ્રતિષ્ઠા સ્થાપિત થયેલી છે. બંને દેશો વચ્ચે અત્યાર સુધી સંબંધો મૈત્રીપૂર્ણ રહ્યા છે. વ્યાપારની બાબતમાં પણ ભારત અમેરિકા વચ્ચે સમજૂતી થયેલી છે પરંતુ જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ડોનાલ્ડ ટ્રમ્પ બિરાજમાન થયા ત્યારથી ભારત અને અમેરિકાના સંબંધોમાં થોડી કડવાશ આવી ચૂકી છે. માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વના બીજા દેશો સાથે પણ અમેરિકાએ સંબંધો બગાડ્યા છે આમ છતાં ભારતને લાગે વળગે છે ત્યાં સુધી ભારત તેના વ્યાપારી હિતોને પ્રથમ પ્રાધાન્ય આપે છે સાથો સાથ અન્ય દેશોના સંબંધોને પણ મૈત્રીપૂર્ણ બનાવવા પર ભાર મૂકે છે.

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં હાલમાં કેટલાક ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે, જેનું મુખ્ય કારણ ટેરિફ નીતિ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફને કારણે વેપાર સંબંધોમાં તણાવ વધ્યો છે. જોકે, ભારતના વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટ કર્યું છે કે આ પડકારો છતાં બંને દેશો સારા મિત્રો છે અને આ સમસ્યાનો ઉકેલ ટૂંક સમયમાં મળી જશે. તેઓ માને છે કે બંને દેશો મજબૂત આર્થિક ભાગીદારીના લાંબા ગાળાના મહત્વને સમજે છે, અને પરસ્પર વિશ્વાસ અને સહિયારા મૂલ્યો પર આધારિત આ સંબંધ વધુ મજબૂત બનશે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ભારત પણ ચીનની જેમ અમેરિકા પર બદલો લેવાના ટેરિફ લાદશે, ત્યારે તેમણે સ્પષ્ટપણે 'ના' કહ્યું. તેમણે જણાવ્યું કે ભારત એક ધીરજવાન દેશ છે અને આંતરરાષ્ટ્રીય કાયદાઓના દાયરામાં રહીને રાજદ્વારી રીતે સમસ્યાઓનો ઉકેલ લાવવામાં માને છે. ભારત એવા પગલાં લેવા માંગે છે જે સંબંધોને મજબૂત બનાવે, નબળા નહીં. આ નિવેદન ભારતની શાંતિપૂર્ણ અને સહકારી વેપાર નીતિ દર્શાવે છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર લાદવામાં આવેલા ટેરિફને યોગ્ય ઠેરવવા માટે કેટલીક વિચિત્ર દલીલો કરી છે. અમેરિકન સુપ્રીમ કોર્ટમાં, ટ્રમ્પની દલીલ હતી કે ભારત પર ટેરિફ લાદવો ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં રશિયાને આર્થિક મદદ કરી રહ્યું છે. આ દલીલના આધારે, અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ૫૦ ટકા સુધીનો ટેરિફ લાદ્યો છે, જેમાં ૨૫ ટકા સામાન્ય ટેરિફ અને ૨૫ ટકા રશિયન તેલ ખરીદવા બદલ દંડ તરીકે વધારાના ટેરિફનો સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્રે કોર્ટમાં દલીલ કરી છે કે આ ટેરિફ દૂર કરવાથી અમેરિકા આર્થિક વિનાશની અણી પર આવી જશે.

જોકે, ટ્રમ્પની ટેરિફ નીતિઓને યુએસ કોર્ટ તરફથી પહેલેથી જ ઝટકો લાગી ચૂક્યો છે. કોર્ટે અગાઉ ટ્રમ્પ દ્વારા અન્ય દેશો પર લાદવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર ગણાવ્યા હતા અને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ પાસે આવા ટેરિફ લાદવાનો કોઈ કાનૂની અધિકાર નથી. આ નિર્ણયને ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આ વિવાદ વચ્ચે ભારતે આ ટેરિફને અન્યાયી ગણાવ્યો છે અને ભાર મૂક્યો છે કે ભારત તેના રાષ્ટ્રીય અને ઉર્જા હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે. બંને દેશો વચ્ચે આ વર્ષે નવેમ્બર સુધીમાં વેપાર કરારના પ્રથમ તબક્કાને મંજૂરી આપવા માટે કરાર થયો હતો અને બંને પક્ષોને ખાતરી છે કે આ વિવાદ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે.



અમેરિકા સાથેના આર્થિક વિવાદોની વચ્ચે આર્થિક મોરચે, ભારત માટે એક સારા સમાચાર છે કે ઓગસ્ટ મહિનામાં દેશના સેવા ક્ષેત્રનો વિકાસ દર ૧૫ વર્ષની ટોચે પહોંચ્યો છે. HSBC ઈન્ડિયા

સર્વિસીસ PMI બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ જુલાઈમાં ૬૦.૫ થી વધીને ઓગસ્ટમાં ૬૨.૯ થયો છે, જે જૂન ૨૦૧૦ પછીનો સૌથી ઝડપી વિસ્તરણ દર દર્શાવે છે. આ વૃદ્ધિ પાછળનું મુખ્ય કારણ માંગમાં નોંધપાત્ર સુધારો અને નવા ઓર્ડર્સમાં થયેલો વધારો છે. જોકે, આ સમયગાળા દરમિયાન ફુગાવો પણ નવ મહિનાની ટોચે પહોંચ્યો છે. આર્થિક વિકાસના આ સકારાત્મક સંકેતો દર્શાવે છે કે વૈશ્વિક વેપાર સંબંધોમાં ભલે ગમે તેટલા પડકારો હોય, ભારતનું આંતરિક અર્થતંત્ર મજબૂત બની રહ્યું છે. એનો સ્પષ્ટ અર્થ એવો થાય છે કે અમેરિકાના ટેરિફને કારણે ભારતના અર્થતંત્ર પર નકારાત્મક અસર નહીંવત પડી છે. ભારત અમેરિકા વચ્ચેના આ પડકારો છતાં, બંને દેશો વચ્ચેના સંબંધોની મજબૂતાઈને અવગણી શકાય નહીં. ભારત અને અમેરિકા વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશો છે અને તેઓ પરસ્પર હિતો માટે સહયોગ કરતા રહ્યા છે. તાજેતરના વર્ષોમાં સંરક્ષણ, ટેકનોલોજી અને સુરક્ષાના ક્ષેત્રોમાં તેમનો સહયોગ વધ્યો છે, જે દર્શાવે છે કે વેપાર વિવાદોથી સંબંધોની મૂળભૂત મજબૂતાઈને બહુ અસર થતી નથી. બંને દેશોના નેતાઓ પણ આ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે તેના ઊર્જા હિતોનું રક્ષણ કરશે અને રશિયા પાસેથી તેલ ખરીદવાનો નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા અને ઉર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. ભારતે એ પણ જણાવ્યું છે કે રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવાથી દેશના આર્થિક હિતોનું રક્ષણ થાય છે, અને આ કોઈ દેશ વિરુદ્ધની નીતિ નથી. આ મુશ્કેલ સમયમાં પણ ભારત સમજદારીપૂર્વક અને શાંતિપૂર્ણ રીતે વેપાર વિવાદોને ઉકેલવા પ્રયાસ કરી રહ્યું છે, જે વૈશ્વિક સ્તરે તેની જવાબદાર ભૂમિકાને વધુ સુદૃઢ બનાવે છે.

ભારત અમેરિકાના સંબંધો હાલ વિવાદની ચરમસીમાએ પહોંચી ચૂક્યા છે ત્યારે ભારતના વાણિજ્ય મંત્રીએ ભારતનો પક્ષ સ્પષ્ટ કરતા કહ્યું છે કે ભારતની વેપાર નીતિ હંમેશા પોઝિટિવ રહી છે પરંતુ ભારત રાષ્ટ્રના હિતને પ્રથમ પ્રાધાન્ય આપે છે.

કહી ખુશી – કહી ગમ, આ બન્ને મનની સ્થિતિ અને માણસની પરિસ્થિતિ પર નિર્ભર !

મનન ચિંતન
ભરત બાવીશી

માનવજીવનની સફરમાં દરેક વ્યક્તિ ખુશી મેળવવા માટે સતત પ્રયાસ કરતો રહે છે. ઘણીવાર લોકોનું માનવું હોય છે કે પૈસા અને વૈભવ જેટલા વધુ મળશે, એટલા સુખ-શાંતિ જીવનમાં વધુ આવશે. પરંતુ, હકીકત એ છે કે ખુશીનો સીધો સંબંધ ક્યારેક પૈસા સાથે હોય છે એમાં ના નહિ પણ હરહંમેશ પૈસા સાથે હોતો નથી. ખુશીનો સીધો સંબંધ કાયમ મનની સ્થિતિ અને માણસની પરિસ્થિતિ પર હોય છે. ખુશી કે ગમ એ તો વ્યક્તિની પરિસ્થિતિ અને માનસિકતા પર આધારિત હોય છે. એક સુંદર ઉદાહરણથી વાત સ્પષ્ટ થાય છે. એક બાળક ફૂગ્ગો ખરીદે છે અને તેને મેળવીને ખુશ થાય છે. બીજો બાળક એ જ ફૂગ્ગો ઉડાડે છે અને મજા માણે છે. ત્રીજો બાળક એ ફૂગ્ગો ફોડી નાખે છે અને એને જોઈને હસે છે. ચોથો બાળક આ ફૂગ્ગા વેચીને ખુશ થાય છે. ચારેય બાળકોની ખુશી અલગ રીતની છે, પરંતુ ખુશીનો સ્ત્રોત એક જ છે – ફૂગ્ગો. અહીંથી સમજાય છે કે ખુશી કોઈ વસ્તુમાં નથી, પરંતુ એ વસ્તુને આપણે કયા દ્રષ્ટિકોણથી જોઈએ છીએ તેમાં છે. કોઈને નાની ભેટમાં ખુશી મળે છે, કોઈને બીજાને આપવાથી આનંદ મળે છે અને કોઈને મસ્તીમાં ખુશીનો અનુભવ થાય છે. ચારેય બાળકોની ખુશીનો સ્ત્રોત એક જ છે – ફૂગ્ગો, પણ અનુભૂતિ અલગ છે.

બીજું ઉદાહરણ લઈએ – વરસાદમાં કોઈ ખેડૂત ખુશ થાય છે કેમ કે ખેતરમાં પાકને પાણીની જરૂર છે. હવે એ જ ખેડૂત એ જ વરસાદથી દુઃખી થાય છે જ્યારે પાકને પાણીની જરૂર નથી. આજ વરસાદમાં કોઈ બાળક આનંદ કરે છે કેમ કે તેને કાગળની નૌકા તરાવવાની મજા મળે છે, અને કોઈ મજૂર દુઃખી થાય છે કેમ કે વરસાદ તેના એક દિવસના કામને અટકાવી દે છે. આમ એક જ વસ્તુ દરેક માટે એની સ્થિતિ કે પરિસ્થિતિ અનુસાર ખુશી કે ગમનું કારણ બને છે. "પરિસ્થિતિ એ જ હોય છે, પણ ખુશી કે દુઃખ એ આપણા દ્રષ્ટિકોણ પર આધારિત હોય છે." એનું એક ઉદાહરણ જોઈએઃ- એક પરિવારના સભ્યો કે મિત્રો એક થાળીમાં સાથે ભોજન કરે છે તો પ્રેમથી નાની થાળી પણ મોટી લાગે છે અને દરેકને સંતોષનો ઓડકાર આવે છે. બીજો માણસ એકલો હોટેલમાં મોટા થાળમાં ભોજન કરે છે, છતાં સંતોષ નથી મળતો કેમ કે ભોજનમાં સાથ આપનાર અંગત સાથીની કમી વર્તાય છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે "ખુશી થાળીની સાઈઝમાં નથી, પણ સાથે બેઠેલા પોતાના માણસમાં છે."

હજી એક ઉદાહરણ જોઈએ તો ક્રિકેટ મેચ જોવા જતાં પ્રેક્ષકોને સ્ટેડિયમમાં બેસવાની કે ઊભા રહીને મેચ લાંબી ચાલે એ જોવાની મજા આવે છે પણ એ જ સ્ટેડિયમમાં વહેલી સવારથી ખડેપગે ઊભા રહેલા સુરક્ષાકર્મીને તો મેચ જલ્દી પૂરી થાય એની રાહ હોય છે. મેચ લાંબી ચાલે એ એના માટે કંટાળાજનક હોય છે. બોર્ડર પર પરિવાર સાથે ફરવા જનાર પ્રવાસી અને ત્યાં ફરજ બજાવતા આર્મીના જવાનો માટે એક જ સ્થળે ખુશી અને ગમના કારણ પરિવાર જ હોય છે. કારણ કે પ્રવાસીઓનો પરિવાર સાથે હોય છે જ્યારે જવાનોનો પરિવાર પોતાના ઘરે હોય છે. હાસ્ય કલાકાર, વક્તા કે લેખક પણ લોકોને પોતાની કલાના માધ્યમથી ખુશ કરી શકે છે પણ એ જ વખતે પોતાના વાસ્તવિક જીવનની કથની કહેતી કે લખતી વખતે ગમગીન થઈ જતાં હોય છે. આ બધા ઉદાહરણો પરથી એટલું તારણ ચોક્કસ કાઢી શકાય કે, આજના સમયમાં માણસ વધારે કમાઈને, વધારે સંપત્તિ એકઠી કરીને સુખ શોધે છે પરંતુ માત્ર પૈસા પાછળની દોટ ખુશી આપતા પહેલા પીડા આપે છે. સંતોષ, સંયમ, સંસ્કાર, આભાર અને સકારાત્મક દ્રષ્ટિકોણ વિના સાચી ખુશી મળવી મુશ્કેલ છે. જીવનની નાની નાની બાબતોમાં ખુશ થવું અને કોઈપણ પરિસ્થિતિમાં સ્થિરતા જાળવી શકીએ એ જ જીવન જીવવાની સાચી કળા છે. મોટી સફળતાની રાહમાં મળતી નાની સફળતાનો આનંદ લેવો એ જ સાચું સુખ છે. ઘણીવાર મંજિલ સુધી પહોંચીએ તે પહેલા આખરી મંજીલ તરફ આકસ્મિક પ્રયાણ થઈ જાય છે. માટે જે પરિસ્થિતિમાં જ્યાં છીએ ત્યાં ખુદ ખુશ રહીને આસપાસના લોકોને ખુશખુશાલ રાખીને જેટલું જેના ભાગ્યમાં લખ્યું હોય એટલું ભોગવતા ભોગવતા જીવીએ એ જ સાચું સુખ છે.

અંતમાં, સાચી ખુશી મેળવવી છે તો પરિસ્થિતિને સ્વીકારીને સકારાત્મક રીતે જીવતા શીખવું પડે. કારણ કે, જે વ્યક્તિ પોતાની અંદર સંતોષ અને આભારનો ભાવ ધરાવે છે, તે દરેક પરિસ્થિતિમાં આનંદ અનુભવી શકે છે.

ખુશીની પળો ગમમાં પણ રંગાઈ જાય,
સમયના ખેલમાં
મન પણ અંજાઈ જાય.
અમૃત શબ્દે જ ઘાયલ હૃદય સંધાય,
હસતાં હોઠે પણ
આંસુ છુપાઈ જાય.
ગમની રાતે જ ખુશીના તારા ઝણઝણે, અંધકાર
બાદ જ સવાર લહેરાઈ જાય.
સુખ-દુઃખ બંને જીવનના સાથી છે, સંતોષથી જ
હૃદયને શાંતિ મળી જાય.
ઘાયલ મનમાં જો આશાની જ્યોત બળે, તો
કઠિન પરિસ્થિતિ પણ સરળ બની જાય.

કાશ્મીરનાં કેસરની ખેતી ગુજરાતમાં ???

સાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

ગામડાઓ ભાંગવા ન જોઈએ એમ બધા ગાઈ વગાડીને ભાષણો કરે છે. એ માત્ર ભાષણો જ સાબિત થવાના છે કારણ કે, બોલનાર માણસોના પગ જમીન ઉપર રહ્યા નથી. ક્યાં, કેટલી અને કેવી મુશ્કેલી છે એની એ.સી. ઓફિસ અને મોંઘી ગાડીઓમાં ફરનાર વ્યક્તિઓને ઓછી ખબર હોય છે. ભૂતકાળમાં નેતાઓ અને અધિકારીઓ ગામડામાં રહેતા હતા એટલે ગામડાઓ બજેટમાં આવતા અને ગોકુળગ્રામ જેવી યોજનાઓ અમલી બનતી હતી. આજે ધીમે-ધીમે ગામડાઓ વિસરાઈ રહ્યા છે. અને સ્માર્ટ સિટીની યોજનામાં અબજો રૂપિયા વપરાય છે. તો ગામડાઓમાં રહે કોણ? સ્માર્ટ વિલેજ યોજના ક્યારે આવશે? આઝાદીના ૭૫ વર્ષમાં અમુક ગામડાઓમાં ત્રણથી ચાર વખત ગામના સ્મશાન, અવેડા, બસ સ્ટેન્ડ અને પંચાયત ઘરો બની ગયા. કારણ શું ? ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તા. સોરી... જવા દો. આ તો દિલમાં હતું એટલે જરા લખાઈ ગયું. અહિં મૌન માનવીઓને જગાડવા શક્ય નથી.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેતી માટે સંશોધનાત્મક દિશામાં આગળ વધીને ઓછો ખર્ચ, સારૂં ઉત્પાદન અને ભાવ મળી રહે તે દિશામાં કામ કરી રહી છે. આજે વાત કરવી છે ૧૮૦૦ પાદરના પ્રજાવત્સલ રાજવી શ્રી કૃષ્ણ કુમાર સિંહજીના ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા ગામના યુવા ખેડૂતની. માંડ દસ વિઘા જેટલી જમીનમાં રાતદિવસ મહેનત કરીને રોહિતભાઈ પંડ્યા પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. રોહિતભાઈનો દીકરો જયપાલ જેની ઉંમર માત્ર ૨૧ વર્ષની છે અને કોલેજમાં અભ્યાસ કરે છે, તેને પોતાના પિતાની ખેતીમાં કાળી મજૂરી છતાં આવકમાં કંઈ નહિ તો કંઈક નવીન ખેતી કરવાની ઈચ્છા જાગી. પોતાના પિતાને વાત કરી તો રોહિતભાઈએ જવાબ આપ્યો દીકરા ભણી-ગણીને નોકરી ધંધો કર - આ ઢેફા ભાંગીને શું કરીશ ? છતાં હિંમત હાર્યા વિના જયપાલે કેસરની ખેતી કરવાનો વિચાર કર્યો અને કેસરની ખેતી માટે જમ્મુ-કશ્મીરના પુલવામા જિલ્લાના પેમ્પર ગામના ખેડૂતોની મુલાકાત લીધી અને વાતાવરણ, બિયારણ વિગેરેની માહિતી મેળવીને વતન આવી ગયો. પોતાની જગ્યામાં ૧૨X૧૫ ની સાઈઝનો કોલ્ડરૂમ ઉભો કરીને કેસરનું ૧૨૦૦ કિલો બિયારણ કાશ્મીરથી લાવી અને વાવેતર કર્યું. ૯૦ દિવસમાં કાશ્મીરી કેસર રેડ ગોલ્ડ ૨ એમ.એમ. સુધીના ગ્રો સાથે તૈયાર થાય છે. અને ૧ કિલો ૨૦૦ ગ્રામ જેટલું ઉત્પાદન મળે છે. અને સ્થાનિક માર્કેટમાં એક ગ્રામના ૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયાના ભાવે વેચાણ કરે છે. બિયારણનો કિલોનો ભાવ ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલો ભાવ હોય છે. ૧૨X૧૫ ની સાઈઝના કોલ્ડરૂમનો ખર્ચ રૂ. ૧૭થી ૧૮ લાખ જેટલો થાય છે. જયપાલ કહે છે, "ખેડૂતોના દીકરાઓએ ખેતી છોડીને મજૂર બનવા કરતા આધુનિક ખેતીના જ્ઞાન સાથે ખેતી કરે તો સારી કમાણી થાય છે." જયપાલ પંડ્યાનો સંપર્ક નં.૮૩૪૭૫૨૬૬૮ છે.

:: તિખારો ::

કોઈ પણ વ્યક્તિ એમ જ પોતાની રીતે બદલાય નથી જતી. જેમ વૃક્ષ ઉપર વધારે ફળ આવે તો એની ડાળ તૂટવા લાગે છે, તેમ જીવનમાં ઘણી ઘટનાઓ એવી બને છે કે માણસને પોતાની ઓકાતથી વધારે માન-સન્માન મળવા લાગે ત્યારે સંબંધો તોડવા લાગે છે. એટલે જ તો વફાદાર માણસ મૌન બની તૂટતા સંબંધો જાળવી રાખે છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

અઠવાડિયાના ખેતી કાર્યો

મગફળી ::

» **કપાસઃ ખાતરનો છંટકાવ :-**

» ● કપાસ જ્યારે ૪૫ થી ૬૦ દિવસનો થાય ત્યારે પાળા ચડાવવાના થાય તે સમયે ખાતર હારની બાજુમાં આપવા. પાળાથી છોડની મજબુતાઈ તેમજ ભેજ સંગ્રહ શક્તિ વધે છે. ડીએપી ૧૦ કિલો અથવા ૨૦-૨૦-૦-૧૩, ૩૦ કિલો અથવા ૨૦-૨૦-૦, ૩૦ કિલો કોઈ એક ખાતર વીઘે આપવાનું છે. જીંડવાની મજબુતાઈ વધારવા માટે પોટાશ આપવો તેમાં મ્યુરેટ ઓફ પોટાશ ૨૦ વીઘે આપવું તેમજ નાઈટ્રોજન તત્વ માટે એમોનિયમ સલ્ફેટ ૨૦ વીઘે આપવાથી તેમાંથી નાઈટ્રોજન ઉપરાંત સલ્ફર પણ મળે તદઉપરાંત લીઝ ચૂનો ૫ કિલો વીઘે આપવું તેને કેલ્સિયમ સલ્ફેટ કહે છે. આ પીએચને સંતુલિત કરે છે. સુક્ષ્મ તત્વમાં ઝીંક સલ્ફેટ ૨ કિલો અને મેગ્નેશિયમ સલ્ફેટ ૨ થી ૫ કિલો વીઘામાં આપવાથી પાન લાલ થતા નથી

» ● કપાસમાં સુકારો આવ્યો હોય તો રોગના નિયંત્રણ માટે જરૂર જણાય તો કોપર ઓક્ઝીક્લોરાઈડ ૫૦ ડબલ્યુ.પી. ૦.૨ ટકા (૪૦ ગ્રામ/ ૧૦ લિટર પાણીમાં), મેન્કોઝેબ ૭૫ ડબલ્યુ.પી. ૦.૨ ટકા (૨૭ ગ્રામ/ ૧૦ લિટર પાણીમાં) અને કાર્બનડેઝીમ ૫૦ ટકા ડબલ્યુ.પી. ૦.૦૫ ટકા (૧૦ ગ્રામ/ ૧૦ લિટર પાણીમાં) છંટકાવ કરવો.

» ● કપાસની ફૂલ અને જીંડવાની અવસ્થાએ ૧ ટકા (૧૯-૧૯-૧૯ ના. ફો. પો.) નો છંટકાવ કરવો.

» ● કપાસની વાવણી બાદ ૯૦ દિવસે ઇથરેલ ૫૦ પી.પી.એમ. (૨-૩ મિ.લિ./૧૦ લિટર) પાણીમાં નાખી છંટકાવ કરવો.

» ● કપાસમાં સુકારો આવ્યો હોય તો બ્લુ કોપર દવાનો છંટકાવ કરવો.

» કપાસઃ મિ.લિ.બગનાં નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઈસી ૧૦ મિ.લિ.અથવા અથવા ક્વિનાલફોસ ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા થાયોડીકર્બ ૭૫% વે.પા. ૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરીયાત પ્રમાણે ૨-૩ છંટકાવ કરવા.

» **મગફળીઃ**

» ● મગફળી ૭૫ થી ૯૦ દિવસની થાય ત્યારે ૦-૫૨-૩૪ ૧૦૦ ગ્રામ + બોરોન ૨૦% ૨૦ ગ્રામ પમ્પમાં નાખી છંટકાવ કરવો. ઉપરાંત કેલ્શિયમ નાઇટ્રેટ ૧૦૦ ગ્રામ + બોરોન ૨૦% ૨૦ ગ્રામ પમ્પમાં નાખી છંટકાવ કરવો. પાકવાને ૩૦ દિવસ બાકી હોય તો ૦-૦-૫૦ સાથે ઝીનેટીક એસિડ ૨૦ % તે ૨.૫ ગ્રામની પડીકી આવે છે તેને પમ્પમાં નાખી છંટકાવ કરવો અથવા ખાતરના રૂપમાં કેલ્શિયમ નાઇટ્રેટ ૫ કિલો દાણાદાર પુંખીને આપી શકાય. ● ઈયળ માટે બીવેરીયા બાઝીયાના પમ્પમાં ૮ થી ૧૦૦ ગ્રામ અથવા એમામેક્ટીન બેન્ઝોએટ તેમાં બીવેરીયા બાઝીયાના ઉમેરીને છંટકાવ કરવામાં આવે તો સારું પરિણામ મળે.

» ● EPN (એન્ટોમોપેથો જેનિક નેમેટોડ) ૧ એકરમાં ૧ કિલો ડ્રેન્ચિંગ કરવું. તેનાથી નેમેટોડ, મુંડા, ઈયળ, ડોડવામાં કાણા માટે નિયંત્રણ થાય તેમજ પમ્પમાં ૫૦ ઈંદ્ર નાખી સ્પ્રે પણ કરી શકાય

» ● મગફળીના પાનના ટપકા અને ગેરુના સંયુક્ત નિયંત્રણ માટે ક્લોરોથેલોનીલ ૭૫% વે.પા. ૧૫ ગ્રામ અથવા મેન્કોઝેબ ૭૫% વે.પા. ૨૫ ગ્રામ અથવા હેક્ઝાકોનેઝોલ ૫% ઈ.સી. ૨૦ મિ.લિ. અથવા પ્રોપીકોનેઝોલ

» ૨૫ ઈ.સી. ૧૫ મિ.લિ. પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ઓગાળીને પાન ઉપર છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

» ● વાયાર્વોર્મનાં નિયંત્રણ માટે કારટેપ હાયડ્રોક્લોરાઇડ બજારમાં ૪જી મમારી રૂપમાં મળશે તેને વીઘે ૨ કિલો નાખી શકાય.

» ● મગફળીનો પાક પાકવાની અવસ્થાએ પીળો પડવા લાગે અને તેનો છોડ ઉપાડી મગફળીના ડોડવા હાથથી ફોલતા દાણા આછા ગુલાબી રંગના જણાય ત્યારે કાઢવી. ઉત્પાદન ઉપર માઠી અસર ન થાય તે માટે સમયસર કાપણી કરવી.

» **મગફળી, કપાસ અને દીવેલા :** ઉધઈનાં નિયંત્રણ માટે ઊભા પાકમાં ઉધઈના ઉપાય વખતે ફિપ્રોનીલ અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૧.૫ લી. રેતી સાથે બરાબર ભેળવી એક હેક્ટર વિસ્તારમાં પુંખવી. વરસાદના પાણી સાથે તે જમીનમાં મળી જશે. પરંતુ જયારે વરસાદ ખેંચાય તો હળવું પિયત આપવું અથવા આ કીટનાશક મુખ્ય ઢાળીયામાં ટીપે-ટીપે પિયત સાથે આપવું.

» **મરચીઃ** મરચી અથવા અન્ય શાકભાજી માટે

» રાબિંગ કરવું : જમીન ઉપર ઘઉંનું ભૂંસુ કે બાજરીનું કચરુ અથવા નકામું ઘાસ પાથરી છ ઈંચ જેટલો થર બનાવવો. આ ઘાસના થરને પવનની વિરૂદ્ધ દિશામાં સળગાવવું જેથી જમીન ધીમા તાપે લાંબો સમય સુધી તપે એને રાબિંગ કહે છે. રાબિંગ કરવાથી જમીનમાં રહેલ ફૂગ, જીવાણું, કીટકોના કોશેટા, કૃમિ તેમજ નિંદામણના બીજનું નિયંત્રણ કરી શકાય.

» **સોઈલ સોલેરાઈઝેશન કરવું :** જો રાબિંગ શક્ય ન હોય તો ૧૦૦ ગેજ જાડાઈના પારદર્શક પાતળા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો. વરાપ થયે ખેડ કરીને કયારાના માપ પ્રમાણે ૧૦ થી ૨૦ દિવસ સુધી પ્લાસ્ટિક ઢાંકી રાખવું. જમીનમાંનો ભેજ તેમજ સૂર્યના તાપથી ઉત્પન્ન થયેલ ગરમી પ્લાસ્ટિકના અંદરના ભાગે સંગ્રહિત થશે. આથી જમીનજન્ય ફૂગ, કીટકોના કોશેટા, જીવાણું, કૃમિ તેમજ નિંદણના બીજનો નાશ થશે.

મરચીમાં ખાતર આપવાની અવસ્થા/સમય	પોષકતત્વોનો જથ્થો નાઃફોઃપો (કિ.ગ્રા/હેકટર)	રાસાયણિક ખાતર કિ.ગ્રા/હેકટર
પાયાનું ખાતર પુર્તી ખાતર (૧) ફેરરોપણી પછી ૨૦ થી ૨૫ દિવસે (૨) ફુલ આવવાના સમયે (૩) પ્રત્યેક વીણી પછી	૫૦:૫૦:૦૦ ૨૫:૦૦:૦૦ ૨૫:૦૦:૦૦	ડીએપીઃ૧૧૦ એમોનીયમ સલ્ફેટ :૧૫૦ એમોનીયમ સલ્ફેટ :૧૨૫ એમોનીયમ સલ્ફેટ :૧૨૫ મ્યુરેટ ઓફ પોટાશ :૮૫ એમોનીયમ સલ્ફેટ : ૧૨૫

» મગ, અડદ, તુવેર, ગુવારમાં પાનના ટપકાંનો રોગઃ પાન પર નાના મોટા ગોળથી અનિયમિત આકારના ટપકાં પડે છે. ટપકાંનું કેન્દ્ર રાખોડી રંગનું અને કિનારી લાલાશ પડતા બદામી રંગની હોય છે. વાવણી બાદ ૨૦ થી ૨૫ દિવસે રોગ જોવા મળે છે. પાનની ધાર નજીક ટપકા વધારે હોય છે. ટપકા આખા પાનમાં ફેલાય અંતે પાન સુકાઈ જાય છે. ઉપદ્રવ આગળ વધતાં ફૂલ અને શીંગો પર પણ આવા ટપકાં જોવા મળે છે. આને કારણે શીંગોમાં દાણા નાના થાય છે. ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે.

» **નિયંત્રણ :** કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં અથવા હેકઝાકોનાઝોલ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં અથવા મેન્કોઝેબ ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. બીજો છંટકાવ ૧૨ દિવસે કરવો.

» **સોયાબીન :** ● ગર્ડલ બીટલ માટેક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી. ૩ મિ.લિ. અથવા થાયોમીથોક્ઝામ૧૨.૬ + લેમડા સાયહેલોથ્રીન ૯.૫ ઝેડ.સી. ૪-૫ મિ.લિ., ટેટ્રાનીલીપોલ ૧૮.૧૮ એસસી ૫ મિ.લિ. અથવા નોવાલ્યુરોન ૫૨૫ + ઈન્ડોક્ઝાકાર્બ ૪૫૦ એસસી ૨૦ મિ.લિ. અથવા બીટાસાયફલ્યુંથ્રીન ૮૪૯–ઈમીડાક્લોપ્રીડ ૧૯.૮૧ ઓડી ૭ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૫૦ ઈસી૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

» ● ૧૦ મિ.લિ. છંટકાવ કરવો.

» **તલઃ** તલમાં પાન કોકડાય જાય તે માટે પાન કથીરીના નિયંત્રણ માટે ગંધક ૩૦૦ મેષ ભૂકી ૫.૦૦ કિ.લો. પ્રતિ હેક્ટર છંટકાવ કરવો.

» **બાગાયતઃ**

» ● આંબાના મધિયાના નિયંત્રણ માટે કવીનાલફોસ, ઈમીડાકલોપ્રીડ અથવા પોલીટ્રીનમાંથી કોઈ એક દવાનો છંટકાવ કરવો.

ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

» ● કેળમાં સીગાટોકાનાં રોગનાં નિયંત્રણ માટે રોગ લાગેલ નીચેના રોગિષ્ટ પાન કાપી તેનો બાળીને નાશ કરવો.

» ● બોર પાકમાં ચોમાસું પૂરું થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ ૨૫ માઈક્રોન પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે

» ● લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લિટર) નો છંટકાવ કરવો.

» ● નાળીયેરી પાકમાં સફેદ માખીના નિયંત્રણ માટે એઝાડીરેકટીન ૨.૫ ટકા ૧૫ મિ.લિ.નો છંટકાવ કરવો.

» **શાકભાજીઃ**

» ● વેલાવાળા શાકભાજી : લાલ અને કાળા મરીયા, ફળમાખી

» ● શાકભાજીનાં ૧૫ દિવસે ગૌમૂત્રનો પાણી સાથે મિશ્ર કરી છંટકાવ કરવો.

» ● શક્ય બને તો નિંદામણ નાશક દવાનો ઉપયોગ ઓછો કરવો.

» ● ભીંડા અને રીંગણમાં મોલો-મશી, થ્રિપ્સ, સફેદમાખી, તડતડીયાનાં નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના કે વર્ટીસિલિયમ લેકાની નામની ફુગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લિટરમાં ભેળવી છંટકાવ કરવો.

» ● કાર્બોસલ્ફાન ૨૫ ઈસી ૧૫ મિ.લિ. દવા અને તેટલા જ જથ્થામાં પાણી લઈ પ્લાસ્ટિકની કોથળીમાં નાખી મૂળ દ્વારા માવજત આપવી. તમામ ઉપાયો જેટલા સામૂહિક ધોરણે કરવામાં આવે તો સારું પરિણામ મળે.

જુવારના પાકમાં આવતી મુખ્ય જીવાત અને તેનું નિયંત્રણ

» **જીવાતઃ**

» **૧. સાંઠાની માખી :** ઓળખઃ- ઈંડા સફેદ રંગના, નળાકાર, ચપટા અને પાનની સપાટી નીચેની બાજુ એકલ-દોકલ મૂકે છે. જ્યારે પુખ્ત માખી કાળમાં ઘરમાખી કરતા નાની, સફેદ અને આછા રખોડી રંગની હોય છે. નુકસાનઃ- ઘર માખી કરતાં નાના કદની માખી જુવારના પાકની શરૂઆતની અવસ્થામાં (છ પાન સુધી) પાન પર ઈંડા મૂકે છે. ઈંડામાંથી નિકળેલ ઈયળ, જમીનથી સહેજ ઉપર પીલામાં કાણું પાડી દાખલ થઇ અંદરના ભાગમાં સડો પેદા કરે છે. જેથી તે પીલા સુકાઈ જાય છે જેને ગાભમારા (ડેડહાર્ટ) કહે છે. આવા નુકસાન થયેલ પીલાની આજુબાજુ ઘણા પીલા નીકળેલા જોવા મળે છે જે પાછળથી વિકાસ પામતા હોય પુરતું ઉત્પાદન મળતું નથી. નિયંત્રણઃ- ચોમાસુ ઋતુમાં જુવારની વાવણી કરવાથી સાંઠાની માખીનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. આથી ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ જુવારની વાવણી કરવી જોઈએ. બિયારણનો દર વધુ રાખવો, જેમાંથી નુકસાનવાળા છોડને ઉપાડી નાશ કરવો. આ જીવાતના નિયંત્રણ માટે પાક ઉગ્યાના ૭ અને ૧૭ માં દિવસે લીમડાનું તેલ ૦.૫% અથવા કરંજનું તેલ ૦.૫% (૧૦ લિ. પાણીમાં ૫૦ મિ.લિ. તેલ + ૩ ગ્રામ ડિટરજન્ટ પાવડર) પ્રમાણે છંટકાવ કરવો.

» **૨. ગાભમારાની ઇયળ : ઓળખઃ-** સાંઠાના વેધકના ઈંડા દેખાવે ભીંગડાવાળી જીવાત જેવા ચપટા, લંબગોળ અને જથ્થામાં પાનની નિચેની સપાટીએ મુખ્ય નસની નજીક જોવા મળે છે. ઈયળ પીળાશ પડતા કથ્થઈ રંગના મથાવાળી હોય છે. જ્યારે ફુદું મધ્યમ કદનું અને પરાળ જેવા રંગનું હોય છે. નુકસાનઃ- આ જીવાતનો ઉપદ્રવ પાકની શરૂઆતથી લઈ કાપણી સુધી જોવા મળે છે. શરૂઆતની અવસ્થામાં ઈયળ ગાભમાં કોરાણ કરી મુખ્ય પીલાને કાપી નાખે છે. જુવારની મધ્ય અવસ્થાએ ઈયળ સાંઠામાં દાખલ થઈ અંદરનો ગર્ભ કોરી ખાય છે. પરિણામે ગાભમારો પેદા થાય છે. તદુપરાંત જયારે કણસલાં બેસે છે ત્યારે કણસલાની દાંડીમાં પણ આ ઈયળ દાખલ થઈ નુકસાન કરે છે. નિયંત્રણઃ- કાપણી થયા બાદ તુરત જ જુવારના સાંઠા તેમજ જડિયાનો ખેતરમાંથી નાશ કરવાથી બીજા વર્ષ દરમ્યાન ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઘટે છે. એક કિ.ગ્રા. બીજ દીઠ થાયોમેથોક્ઝામ ૩૦% એફ.એસ. ૩ ગ્રામ પ્રમાણે બીજ માવજત આપવી. પાક ઉગાવાના ત્રીસ દિવસ બાદ આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કોઈપણ ૧૫૦૦ પીપીએમ લીમડાયુક્ત દવા ૧૦ લિટર પાણીમાં ૩૫ મિ.લિ. પ્રમાણે છંટકાવ કરવો. વાવણી બાદ ઉભા પાકમાં ૭, ૧૪ અને ૨૧ માં દિવસે પ્રતિ હેકટર ૫ લાખ જેટલી ટ્રાઈકોગ્રામા ભમરી છોડવી.

ટી.વી. ઘેવરીયા, એન.વી. રાદડીયા, આર.કે. કાલરીયા, એચ.એન. ડેર,
વી.આર. જીંજાળા, કે.જી. કણજારીયા અને આર.કે. કાપડીયા
મુખ્ય જુવાર સંશોધન કેંદ્ર, અઠવા ફાર્મ, સુરત,
અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫૦૦૭
ન.મ.કૃષિ મહાવિશ્વવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી

૩ . પૂંછડે ચાર ટપકા ઈયળ (ફોલ આર્મીવોર્મ) : ઓળખઃ-માદા કીટક પાનની નીચેની બાજુએ સમૂહમાં અંદાજીત ૬૦ થી ૯૦ ની સંખ્યામાં ઈંડા મૂકે છે. ઈંડા ઘુમ્મટ આકારના પીળાશ પડતા સફેદ રંગના હોય છે. આ જીવાતની ઈયળ ચાર થી પાંચ વખત નીર્મોચન કરતી હોવાથી પાંચ અવસ્થા જોવા મળે છે. પૂર્ણ વિકસીત ઈયળના માથા અને વક્ષના પ્રથમ ખંડ પર નરી આખે જોઈ શકાય તેવા આકારની જોવા મળે છે. ઈયળના પૂંછડે ચાર ટપકાની ગોઠવણ ચોરસ આકરમાં હોય છે. **નુકસાનઃ-** શરુઆતમાં પાન પર સફેદ રંગના ધબ્બા જોવા મળે છે. ત્યારબાદ ઈયળ પાનને ખાઈને નુકસાન કરતી હોવાથી પાનની ભુંગળી કે કુમળા પાન પર અનિયમીત આકારના કાણા પડેલા જોવા મળે છે. ઊપદ્રવીત ભુંગળી કે પાન પર ઈયળોથી ખવાયેલ ભાગ પર ઈયળની હગાર લાકડાના વહેર જેવી જોવા મળે છે. **નિયંત્રણઃ-** પાક કાપી લીધા બાદ જડિયાં અને કચરો દુર કરી ખેતર ચોખ્ખુ કરવું. ફોલ આર્મીવોર્મના નર અને માદા ફુદાઓ પ્રકાશ તરફ આકર્ષિત થતા હોવાથી પ્રતિ હેકટરે એક પ્રમાણે પ્રકાશ પિંજર ગોઠવવા. ફોલ આર્મીવોર્મના ફેરોમોન ટ્રેપ પ્રતિ હેકટરે ૧૦ થી ૧૨ મુજબ ગોઠવવા. પાકની શરૂઆતની અવસ્થામાં ૨ થી ૩ અઠવાડિયા સુધી આ જીવાતથી પાકને રક્ષણ આપવા માટે એક કિલોગ્રામ બીજ દીઠ ૬ મિ.લિ. સાયએન્ટ્રાનીલીપોલ ૧૯.૮ ટકા + થાયોમેથોકઝામ ૧૯.૮ ટકા એફ.એસ. દવાથી બીજ માવજત આપ્યા બાદ જ વાવણી કરવી જોઈએ. ઉપદ્રવની શરૂઆતમાં બેસિલસ યુરીન્ઝીન્સીસનો પાઉડર ૨૦ ગ્રામ અથવા બ્યુરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા ન્યુમેરીયા રીલી નામની ફૂગનો પાઉડર ૩૦ ગ્રામ અથવા લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) ૧૦ લિટર પાણીમાં ઉમેરી છોડની ભૂંગળી ભીંજાય તે રીતે છંટકાવ કરવો. પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરેન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૪ મિ.લિ. દવા અથવા થાયોમેથોક્ઝામ ૧૨.૬ + લેમડાસાયહેલોથ્રીન ૯.૫ ઝેડસી ૨.૫ મિ.લિ. દવા અથવા સ્પિનેટોરામ ૧૧.૭ એસસી ૫ મિ.લિ. દવા અથવા એમામેકટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ દવામાંથી કોઈપણ દવાનો પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

મગફળીના પાકમાં ચુસીયા પ્રકારની જીવાતની ઓળખ અને સંકલિત વ્યવસ્થાપન

» **નુકસાન :** બચ્ચા તેમજ પુખ્ત તડતડીયા પાનની નીચેની બાજુએ રહી પાનમાંથી રસ ચૂસીને નુકસાન કરે છે, પરિણામે પાનની ટોચ તથા ધાર પીળી પડી જાય છે. પાછળથી આવા ધાબા બદામી રંગના થઈ જાય છે અને પાન કોકડાઈને સૂકાઈ જાય છે. આ પ્રકારના લક્ષણોને ''હોપરબર્ન''કહેવાય છે. આ જીવાતનો ઉપદ્રવ મગફળીમાં સૂયાં બેસતી વખતે થાય તો ડોડવાના દાણા ચીમળાઈ જાય છે, જે બીજ તરીકે વાવવામાં આવે તો ઉગાવો ઓછો થાય છે. ચીમળાયેલા દાણામાં તેલના ટકા પણ ઘટે છે, જેને લીધે ઉત્પાદન પર માઠી અસર થાય છે. ઉપદ્રવનો સમયઃ આ જીવાતનો ઉપદ્રવ ચોમાસામાં ઓગષ્ટથી ઓક્ટોબરના અંત સુધી જોવા મળે છે અને ઉનાળુ મગફળીમાં આ જીવાતનો ઉપદ્રવ ફેબ્રુઆરી-માર્ચ દરમ્યાન જોવા મળે છે.

» **(૩) થ્રીપ્સ (Scirtothrips drosalis H., Thrips palmi K) ઓળખ :** બચ્ચા ખૂબ જ સુક્ષ્મ, પીળાશ પડતા અને પાંખો વગરના હોય છે અને પુખ્ત કિટક નાની, નાજુક સોયાકાર, ફીકકા પીળા રંગની અને બદામી પાંખોવાળી હોય છે. તે નરી આંખે અનુભવ વગર સ્પષ્ટ જોઈ શકાતી નથી. નુકસાન : પુખ્ત કિટકો અને બચ્ચા પુષ્કળ સંખ્યામાં પાનની નીચેની બાજુએ તથા કુમળી ડાળીઓમાં રહીને ઘસરકા કરીને તેમાથી ઝરતો રસ ચૂસીને નુકસાન કરે છે. તેથી નુકસાન પામેલ પાન અને ડાળીઓમાં ઉઝરડા પડે છે અને બારીક સફેદ ધાબા જોવા મળે છે. જીવન ચક્ર : આ જીવાતની માદા નર સાથે સંભોગ કરી અથવા સંભોગ કર્યા વગર અંડ નિક્ષેપક અંગની મદદથી પાનની નીચેની સપાટીમાં ખોસીને આખા જીવનકાળ દરમ્યાન અંદાજીત ૬૦ જેટલા ઈંડા મૂકે છે. ઈંડા અવસ્થા ૪ થી ૫ દિવસની હોય છે, જયારે બચ્ચા અવસ્થા ૩ વખત નીર્મોચન કરીને ૪ થી ૫ દિવસમાં પુખ્ત બને છે. પુખ્ત થયા બાદ ૨૦ થી ૨૫ મી.મી. જેટલી જમીનની ઉંડાઈએ જઈને કોશેટા બનાવે છે અને કોશેટા અવસ્થા ૧૩ થી ૨૩ દિવસમાં પૂરી કરે છે. આમ જીવાતનું આખુ જીવનચક્ર ૪ થી ૫ અઠવાડિયામાં પૂર્ણ કરે છે. ઉપદ્રવનો સમય : થ્રીપ્સનો ઉપદ્રવ પાકના વાવેતર બાદ ત્રણથી ચાર અઠવાડિયાથી બીજો વરસાદ ન થાય અને વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધે ત્યારે વધુ જોવા મળે છે. **(ક્રમશઃ)**

પ્રો. એમ.જી. નંદાણીયા, ડી.એન. હડીયા,
ડો. પૈશાલી વી. બીરારી અને
ડો. વી.એમ. પરમાર
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ખાપટ, પોરબંદર

પીએમ નરેન્દ્ર મોદી ૯ સપ્ટેમ્બરે પંજાબની મુલાકાત લઈ પુર પરિસ્થિતીનો તાગ મેળવશે

નવીદિલ્હી,તા.૦૭

ભારે વરસાદને કારણે દેશના ઘણા રાજ્યોમાં પરિસ્થિતિ ખરાબ છે. ખાસ કરીને પંજાબમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. રાજ્યમાં પૂરને કારણે અત્યાર સુધીમાં ૪૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ઉપરાંત લાખો લોકો પ્રભાવિત થયા છે. લગભગ ૨ હજાર ગામડાઓ પૂરની ઝપેટમાં છે અને ૨ લાખ હેક્ટર પાકને નુકસાન થયું છે. આ દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પંજાબની મુલાકાત

લેવાના છે. પીએમ નરેન્દ્ર મોદી ૯ સપ્ટેમ્બરે પંજાબની મુલાકાત લેશે અને પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. તેઓ ગુરદાસપુર પહોંચશે અને પરિસ્થિતિ જોશે. દરેક પંજાબી આ પ્રવાસને આશા સાથે જોઈ રહ્યો છે. કારણ કે પીએમ મોદી તેમના પંજાબ પ્રવાસ દરમિયાન મોટા પેકેજની જાહેરાત કરી શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૂર પીડિતો માટે આર્થિક પેકેજ અથવા વળતરની જાહેરાત કરી શકે છે. પંજાબમાં ૧૭ ઓગસ્ટથી પૂર જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. છેલ્લા ઘણા દિવસોથી સતત વરસાદને કારણે રાજ્યના ૨ હજારથી વધુ ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. ગામડાઓના લોકોને બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા છે. પૂરને કારણે રાજ્યભરમાં ૨ લાખ હેક્ટરથી વધુ જમીન પરનો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે.

જીએસટી સુધારાથી અર્થતંત્રને ૨૦ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થશે: કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,તા.૦૭

જીએસટી સુધારા કરવામાં આવ્યા છે. હવે દેશમાં સામાન્ય લોકો માટે ફક્ત બે જીએસટી સ્લેબ રહેશે. પહેલો સ્લેબ ૫ ટકાનો અને બીજો સ્લેબ ૧૮ ટકાનો હશે. કાઉન્સિલ દ્વારા, ૪૦ ટકાનો વધારાનો સ્લેબ પણ રાખવામાં આવ્યો છે. જેમાં તંબાકુ ઉત્પાદનો, લક્ઝરી અને પ્રીમિયમ વસ્તુઓ રાખવામાં આવી છે. બાય ધ વે, સામાન્ય લોકોને થતા ફાયદાની

સાથે, એ પણ બહાર આવ્યું કે સરકારને લગભગ ૪૮ હજાર કરોડ રૂપિયાનું મહેસૂલ ગુમાવવું પડશે. પરંતુ અત્યાર સુધી કોઈએ માહિતી આપી ન હતી કે દેશની અર્થવ્યવસ્થાને કેટલો ફાયદો કે નુકસાન થશે? કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે જીએસટી સુધારાથી દેશની અર્થવ્યવસ્થાને મોટો ફાયદો થવાનો છે. આ આંકડો લગભગ ૨૦ લાખ કરોડ રૂપિયા હોઈ શકે છે. તે જ સમયે, તેમણે એમ પણ કહ્યું કે આ સુધારાનો ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ સાથે કોઈ સંબંધ નથી. ચાલો તમને એ પણ જણાવીએ કે તેમણે કયા પ્રકારની માહિતી આપી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ૨૦૨૫-૨૬ના બજેટમાં આવકવેરા રાહત સાથે GST દરોનું તર્કસંગતકરણ ભારતના અર્થતંત્રને નવા સ્તરે લઈ જશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પરોક્ષ કરવેરામાં સુધારાઓ યુએસ ટેરિફ સાથે સંબંધિત નથી. વૈષ્ણવે ભાજપ મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદમાં કહ્યું કે જીએસટી સુધારાની તૈયારીઓ લગભગ દોઢ વર્ષ પહેલા શરૂ થઈ ગઈ હતી.

એશિયા પેસિફિક આર્થિક સહયોગ સમિટમાં ભાગ લેવા માટે ટ્રમ્પ દક્ષિણ કોરિયાની મુલાકાત લે તેવી શકયતા

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઓક્ટોબરમાં તેમના મુખ્ય સલાહકારો સાથે દક્ષિણ કોરિયાની મુલાકાત લઈ શકે છે. આ મુલાકાતનો હેતુ એશિયા-પેસિફિક આર્થિક સહયોગ સમિટમાં ભાગ લેવાનો છે, જે ઓક્ટોબરના અંતથી નવેમ્બરની શરૂઆતમાં યોજાશે. ટ્રમ્પ વહીવટીતંત્રના ત્રણ અધિકારીઓએ CNNને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની ટીમ એપીઈસી વેપાર મંત્રીઓની બેઠકની તૈયારી કરી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન ટ્રમ્પ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે. જોકે, આ અંગે અંતિમ નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી. ગયા મહિને એક ટેલિફોન કોલમાં શી જિનપિંગે ટ્રમ્પ અને તેમની પત્નીને ચીનની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. ટ્રમ્પે પણ આમંત્રણ સ્વીકાર્યું અને ચીનની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ તારીખ નક્કી કરવામાં આવી નથી.

ઉત્તર પ્રદેશમાં પરિણીત દીકરીઓને પિતાની જમીનમાં સમાન અધિકાર મળશે

(એચ.એસ.એલ),લખનૌ,તા.૭

ઉત્તર પ્રદેશમાં પુત્રીઓના પક્ષમાં એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવી રહ્યો છે. ટૂંક સમયમાં પરિણીત દીકરીઓને પણ પિતાની ખેતીની જમીનમાં સમાન હિસ્સો મળશે, જે અત્યાર સુધી ફક્ત અપરિણીત દીકરીઓને જ મળતો હતો. આ માટે, ઉત્તર પ્રદેશ મહેસૂલ સંહિતા-૨૦૦૬ ની કલમ ૧૦૮ ની પેટા કલમ (૨)

માં સુધારો કરવાની તૈયારી ચાલી રહી છે. મહેસૂલ પરિષદે આ દરખાસ્તને અંતિમ સ્વરૂપ આપ્યું છે અને તેને આ મહિને સરકારને મોકલવામાં આવશે. તેને મહિલા સશક્તિકરણ તરફ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

હાલમાં, ઉત્તર પ્રદેશ મહેસૂલ સંહિતા-૨૦૦૬ ની કલમ ૧૦૮ (૨) હેઠળ, પુરુષ ભૂમિધર (જમીન માલિક) ના મૃત્યુ પછી, તેની ખેતીની જમીનનો વારસો વિધવા (પત્ની), પુત્ર અને અપરિણીત પુત્રીના નામે નોંધાયેલો છે. આને મહેસૂલ ભાષામાં વારસાની નોંધણી કહેવામાં આવે છે. જો આ ત્રણ ન હોય, તો જમીન મૃતકના માતાપિતા અને પછી પરિણીત પુત્રીના નામે નોંધાયેલ છે.

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી ફડણવીસ સાથે કોઈ અણબનાવ નથી : શિંદે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૭

મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણી વખત આવા સમાચાર સામે આવ્યા છે કે સરકાર અને તેના ઘટક પક્ષો વચ્ચે બધું બરાબર નથી ચાલી રહ્યું. ઘણી વખત એવું પણ કહેવામાં આવ્યું છે કે કામનો શ્રેય લેવાની દોડ ચાલી રહી છે. જોકે, આ બધી અફવાઓ અને વાતો પર, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ હવે કહ્યું છે કે શાસક મહાયુતિના સાથી પક્ષો વચ્ચે આ કામનો શ્રેય લેવા માટે કોઈ સ્પર્ધા નથી અને તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે. શનિવારે છપાયેલી જાહેરાતો પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં એકનાથ શિંદેએ આ નિવેદન આપ્યું છે. આ જાહેરાતોમાં ફક્ત મુખ્યમંત્રી ફડણવીસ જ જોવા મળ્યા હતા. આ જ કારણ છે કે અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. એક જાહેરાતમાં દેવેન્દ્ર ફડણવીસ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને ફૂલો ચઢાવતા દર્શાવવામાં આવ્યા હતા.

ભારતમાં ખાલિસ્તાની જૂથોને આતંકવાદ ફેલાવવા નાણાકીય મદદ કરી હોવાનો કેનેડા સરકારનો સ્વીકાર

ઓટાવા,તા.૦૭

કેનેડા સરકારના એક નવા અહેવાલમાં દેશમાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓને આંતરિક નાણાકીય સહાય (આતંકવાદી ભંડોળ) ની પુષ્ટિ કરવામાં આવી છે. ×કેનેડામાં મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ જોખમનું મૂલ્યાંકન ૨૦૨૫× શીર્ષક ધરાવતા આ અહેવાલ મુજબ, ભારત પ્રત્યે પ્રતિકૂળ આતંકવાદી સંગઠનો જેમ કે બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન જેવા ખાલિસ્તાની જૂથોને કેનેડા તરફથી નાણાકીય મદદ મળી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે આ રાજકીય રીતે પ્રેરિત ઉગ્રવાદ ધાર્મિક ભાવના સાથે જોડાયેલ હોઈ શકે છે, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય જાતિગત કે વંશીય સર્વોપરિતા નથી, પરંતુ રાજકીય સ્વ-નિર્ણય અને પ્રતિનિધિત્વ છે. આ ખુલાસો

એવા સમયે થયો છે જ્યારે થોડા મહિના પહેલા કેનેડિયન ગુપ્તચર એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે ૧૯૮૦ ના દાયકાથી, ખાલિસ્તાન તરફી તત્વો એક સ્વતંત્ર રાષ્ટ્ર 'ખાલિસ્તાન' બનાવવાના પ્રયાસમાં ભારતના પંજાબમાં રાજકીય રીતે પ્રેરિત હિંસક ઉગ્રવાદ ફેલાવી રહ્યા છે. કેનેડાના ફોજદારી કાયદાઓ હેઠળ સૂચિબદ્ધ અન્ય આતંકવાદી સંગઠનો જેમ કે હમાસ અને હિઝબુલ્લાહની સાથે, આ ખાલિસ્તાની સંગઠનોને પણ દેશની અંદરથી નાણાકીય મદદ મળતી હોવાનું જાણવા મળ્યું છે.

મુંબઈમાં ગણપતિ વિસર્જન દરમિયાન વીજ કરંટ લાગવાથી ૬ ભક્તો દાઝી ગયા; ૧ નું મોત

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૭

મુંબઈમાં ગણપતિ વિસર્જન દરમિયાન એક દુઃખદ ઘટના બની. સાકીનાકાના ખૈરાણી રોડ પર એસ. જે. સ્ટુડિયો પાસે ગણપતિ વિસર્જન યાત્રા દરમિયાન ટાટા પાવરના હાઈ-ટેન્શન ઈલેક્ટ્રિક વાયરનો કરંટ લાગવાથી ૬ ભક્તો દાઝી ગયા હતા. આમાંથી, ૧ યુવકનું મોત થયું અને ૫ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા. પ્રાથમિક માહિતી

મુજબ, વિસર્જન માટે જઈ રહેલ ગણપતિ મંડપ વીજળીના વાયરની ખૂબ નજીક આવી ગયો ત્યારે આ અકસ્માત થયો. આ દરમિયાન જોરદાર વીજળીના આંચકાથી ૬ લોકો દાઝી ગયા. અકસ્માત બાદ તરત જ, તમામ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આમાંથી ૫ લોકોને સાકીનાકા સ્થિત પેરામાઉન્ટ હોસ્પિટલમાં અને એકને સેવન હિલ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ અકસ્માતમાં વિનુ શિવકુમાર નામના ભક્તનું મૃત્યુ થયું. તે જ સમયે, બાકીના ૫ ઘાયલ લોકોમાંથી, ૪ ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને તેમને પેરામાઉન્ટ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

સોમનાથમાં નિરાધારનો આધાર સંસ્થા દ્વારા પોલીસ અધિકારી, મહિલા અગ્રણી અને આર્મીમેનનું કરાયું

વેરાવળ,તા.૦૭

વેરાવળ ડારી ટોલ પ્લાઝા પર આવેલ નિરાધારનો આધાર સંસ્થા દ્વારા ગત સાંજે આરતી બાદ બાબા અમરનાથની ગુફાનું આયોજન કરેલ. જેમાં વેરાવળ સિટી પોલીસ ઈન્સ્પેકટર ગૌસ્વામીજી સહિત સોમનાથમાં સ્ત્રી શક્તિને ઉજાગર કરી લોકસેવા કરનારા મીનાબા જાદવની મહિલા મોરચા મહામંત્રી તરીકે વરણી થતાં તેમનું બીલીપત્ર અને ફોટો પ્રસાદી સાથે સન્માન કર્યું હતું. એક્સ આર્મીમેન મુકેશસિંહ ઝાલાનું અને સ્વ. સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટનું સન્માન કર્યું હતું. જેમાં પોલીસ ઈન્સ્પેકટર ગૌસ્વામીએ જણાવ્યું હતું કે, સોમનાથ વેરાવળમાં પોલીસ

તસવીર : કૈલાશ ભટ્ટ

સદાય તત્પર અને કોઈપણ પ્રકારની તકલીફો, મુશ્કેલી સમયે મદદરૂપ થાય છે અને હંમેશા થતી રહેશે.

ધોરાજીમાં ૧૧૧ દીપમાળા સાથે ગણેશ વિસર્જન કરાયું

ધોરાજી,તા.૦૭

ધોરાજીમાં સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ વિશાલ એપાર્ટમેન્ટ ખાતે ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલું હતું. આ વિશાલ એપાર્ટમેન્ટ કા રાજા ગણેશ મહોત્સવમાં મહિલા મંડળ દ્વારા ૫૬ ભોગના દિવ્ય દર્શન સાથે ૧૧૧ દીપમાળા સાથે મહાઆરતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાદમાં ગણેશ વિસર્જન કરવામાં

તસવીર : નયન ફુહાડીયા

આવ્યું હતું, જેમાં ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે અગલે વર્ષ તું જલ્દી આના નારા લગાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનોએ દર્શનનો લાભ લીધો હતો.

જામકંડોરણા તાલુકા પાસેનો ફોફળ-૧ ડેમ ૯૦ ટકા ભરાયો

જામકંડોરણા, તા.૦૭

જામકંડોરણા તાલુકા પાસેનો ફોફળ-૧ ડેમ ૯૦ ટકા ભરાયો હતો. સિંચાઈ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે જામકંડોરણા તાલુકા પાસે આવેલો ફોફળ-૧ ડેમ ૯૦ ટકા ભરાઈ ગયો છે. આથી હાઈ એલર્ટ સાથે ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે કે, આ યોજના પૂર્ણ ભરાતાં રૂલ લેવલ જાળવવા માટે પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈએ અવરજવર કરવી નહીં. આ સાથે ધોરાજી તાલુકાના વેગડી, જામકંડોરણા, દુધીવદર, ઈશ્વરીયા,

તરવડા ગામો માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો હતો. ડેમની પૂર્ણ જળ સપાટી ૮૧.૭૫ મીટર છે અને ડેમ હાલ ૮૧.૩૫ મીટર ભરાયેલો છે. ડેમમાં હાલ ૪૩.૮૪ ઘન મીટર જળ જથ્થો છે. ડેમમાં હાલ જળની આવક ૫૫૫ ક્યુસેક છે.

મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૩/૨૦૨૫ તા.૨૬/૦૮/૨૦૨૫

શ્રી ભીખુભાઈ આમદભાઈ માડકીયા
રહે. તાલુકા પંચાયત રોડ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ
.....અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર .....સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ભીખુભાઈ આમદભાઈ માડકીયા રહે. તાલુકા પંચાયત રોડ, વિસાવદર, તા.વિસાવદર, જી.જુનાગઢએ તેમના પત્ની અમીનાબેન ભીખુભાઈ માડકીયા નું મરણ તા.૧૭/૦૬/૨૦૧૪ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૬ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

મહુવામાં BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિરનું ભવ્ય ખાતમુહૂર્ત: શિક્ષણ અને સંસ્કારના સમન્વયનું નિર્માણ

મહુવા,તા.૦૭

સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકે જાણીતા અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની પવિત્ર પ્રાગટ્ય ભૂમિ એવા મહુવા શહેરમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલા સાથે સંસ્કારનું સિંચન કરવાના ઉમદા હેતુથી BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિરનું ભવ્ય ખાતમુહૂર્ત અને ઈષ્ટિકા પૂજન વિધિ સંપન્ન થઈ. આ સંકુલનું નિર્માણ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી થઈ રહ્યું છે. આ નવનિર્મિત સંકુલના નિર્માણારંભમાં મહંતસ્વામી મહારાજના કરકમળો દ્વારા પ્રસાદીભૂત થયેલી

ઈષ્ટિકાઓ વડે સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય અક્ષરચરણ સ્વામી, ભાવનગરના કોઠારી સ્વામી તથા અન્ય સંતો-મહંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત રીતે મહાપૂજા વિધિ સંપન્ન કરવામાં આવી. આ પ્રસંગે મહુવાના અગ્રણી ઉદ્યોગપતિઓ, નગરશ્રેષ્ઠીઓ અને હરિભક્તો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે, અક્ષરચરણ સ્વામીએ જણાવ્યું કે, ભાવિ પેઢીના સંસ્કારોનું જતન કરવા માટે આ વિદ્યામંદિર એક આદર્શ સ્થાન બનશે, જ્યાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સાથે સંસ્કારોનો લાભ લઈ શકશે.

ઉનામાં ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા ગણેશોત્સવનું ભવ્ય આયોજન

ઉના,તા.૦૭

ઉનાના દેલવાડા રોડ પરની શાહ એચ.ડી. હાઈસ્કૂલના પાછળના ભાગે ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા આ વર્ષે પણ ગણેશોત્સવનું ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સવાર, સાંજ આરતી દરમ્યાન બહોળી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હતા. ઉના નગરપાલિકાના સદસ્ય અને ચંદ્રકિરણ ગ્રુપના યુવાન તેમજ લોકગાયક સ્વ. મણિરાજ બારોટના જમાઈ અલ્પેશ બાંભણિયા અને તેની ટીમ દ્વારા આ વર્ષે ધામધૂમથી ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતના લોકગાયક રાજલ બારોટ, ઉના પી.આઈ. મહેન્દ્રસિંહ રાણા, અજય રાવલ, સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો અને આમંત્રિત મહેમાનો આરતીમાં જોડાયા હતા. આ ઉત્સવ દરમ્યાન મટકી ઉત્સવ, અન્નકૂટ, હવન, દાંડિયા રાસ, મહાઆરતી સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક સહિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરત કાનાબાર દ્વારા કરાઈ નવતર પહેલ

કંપનીની પ્રોડક્ટ્સ પર સ્વદેશી લોગો મૂકવાની શીતલ આઈસ્ક્રીમ દ્વારા કરાઈ પહેલ

અમરેલી,તા.૦૭

દેશના સામાન્ય નાગરિક જે રોજબરોજની વસ્તુઓ વાપરે છે તે સ્વદેશી છે કે વિદેશી તેની ઓળખ કરી શકે અને વધુમાં વધુ લોકો સ્વદેશી વસ્તુ વાપરતા થાય તેવા ઉમદા હેતુથી અનુકંપા ફાઉન્ડેશન દ્વારા એક નવતર પહેલ કરવામાં આવી છે. ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરત કાનાબારે દેશભરની સ્વદેશી કંપનીઓ પોતાની પ્રોડક્ટ પર સ્વદેશી લોગો મૂકે તેવી ચળવળની શરૂઆત કરી છે. આ અંગે તેમણે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું છે કે દેશના પોતાના ઉદ્યોગોનો વિકાસ થાય અને રોજગારી વધે સાથે જ દેશનો પૈસો દેશમાં રહે તેવા પ્રયત્નો માટે આ સિમ્બોલની પહેલ કરવામાં આવી છે. આપણા દેશમાં વોકલ

ફોર લોકલની અપીલ પણ કરવામાં આવી છે. આપણે જાણતા અજાણતા રોજબરોજ કેટલીય વિદેશી વસ્તુઓ વાપરીએ છીએ જેથી દેશનો પૈસો વિદેશમાં જાય છે. આ માટે દેશવાસીઓને ખાસ માર્ગદર્શન મળી રહે તેવા હેતુસર સ્વદેશી બનાવટો પર સ્વદેશીનો લોગો લગાડવાથી દેશવાસીઓ આસાનીથી દેશની વસ્તુઓને ઓળખી અને ખરીદી કરી શકે. આ માટે અમરેલીની જાણીતી કંપની શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડએ સૌ પ્રથમ પહેલ કરી છે અને કંપની પોતાની દરેક પ્રોડક્ટ્સ પર સ્વદેશીનો લોગો મૂકશે જેથી લોકો આસાનીથી આવી વસ્તુઓની ઓળખ કરી શકે. આગામી દિવસોમાં અન્ય કંપનીઓ પણ આવો લોગો વાપરે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

શીતલ આઈસ્ક્રીમ દ્વારા ચાર પ્રોડક્ટ્સ પર સ્વદેશી લોગો મૂકાયો છે : દિનેશભાઈ ભુવા

આ અંગે શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડના માલિક દિનેશભાઈ ભુવાએ જણાવ્યું હતું કે ડો. ભરત કાનાબારે કરેલી અપીલને શીતલ આઈસ્ક્રીમ પરિવારે અપનાવી છે અને હવેથી શીતલ આઈસ્ક્રીમની દરેક પ્રોડક્ટ્સ પર સ્વદેશીનો લોગો મૂકવામાં આવશે. હાલમાં કંપની દ્વારા ચાર પ્રોડક્ટ પર આ લોગો મૂકી પણ દેવામાં આવ્યો છે અને ભવિષ્યમાં કંપની પોતાની તમામ પ્રોડક્ટ્સ પર આ લોગો મૂકશે. સાથે જ તેમણે ૧૪૦૦ થી વધુ લોકોને રોજગારી આપતા શીતલ આઈસ્ક્રીમ વિશે વિગતવાર માહિતી પણ આપી હતી.

અંજારમાં હૃદયદ્રાવક ઘટના, પાણી ભરેલા ટાંકામાં પડી જતા બે બાળકોનાં મોત

ભુજ,તા.૦૭

કચ્છના અંજાર શહેરમાં તા.૦૭ના રોજ હૃદયદ્રાવક ઘટના બની છે. શહેરના કર્મચારી કોલોનીમાં રહેતા શ્રમજીવી પરિવારના બે બાળકો પાણી ભરેલા ટાંકામાં ડૂબ્યા હતા. જેથી તે બન્નેના મોત થતાં માતા-પિતા ઉપર આભ ફાટ્યું છે. અંજારમાં કર્મચારી કોલોની નજીકમાં મકાન બાંધકામ માટે બનાવાયેલા ખુલ્લા પાણીના ટાંકામાં શ્રમજીવી પરિવારના બે બાળકો અંકુશ તિવારી અને અભિનંદન તિવારી અકસ્માતે પડી ગયા હતા. ૬ અને ૭ વર્ષના બન્ને બાળકો ટાંકામાં ડૂબી જતાં મૃત્યુ પામ્યા છે. ઘટનાના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે. આ મામલે પોલીસે અપમૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દેવગઢ બારીયા તાલુકાનાં ભૂત પગલા ગામે બોલેરો પીકઅપ પલટી જતા ૪ લોકોનાં મોત

અકસ્માતમાં ઇજાગ્રસ્ત અન્ય ૭ લોકો સારવાર હેઠળ

(એચ.એસ.એલ),દાહોદ,તા.૭

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ભૂત પગલા ગામના પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જેમાં ભૂત પગલા ગામે ઘાસ ભરેલી બોલેરો પીકઅપ પલટી ખાઈ ગઈ હતી. જેમાં ભૂત પગલા ગામની સીમમાં આવેલા ખેતરમાં ઘાસ લેવા ગયેલા પરિવારને અકસ્માત નડ્યો

હતો. ઘાસ ભરેલી પીકઅપ બોલેરો રોડની બાજુમાં આવેલ પાણી ભરેલા ખાડામાં પલ્ટી ખાઈ ગઈ હતી. આ ગાડીમાં ચાલક સાથે કુલ ૧૧ જેટલા પરિવારજનો સવાર હતા. જેમાં બોલેરો પીકઅપ પલટી ખાતા એક જ પરિવારના ચાર સભ્યોના કરૂણ મોત નિપજ્યા હતા. આ બનાવને પગલે આ વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે. આ અકસ્માતમાં સમરતબેન બારીયા, સુમિત્રાબેન બારીયા, રાધાબેન રાઠવા અને ગજેન્દ્ર રાઠવાના મોત નિપજ્યા હતા.

અકસ્માતમાં ઈજાગ્રસ્ત અન્ય ૭ લોકો સારવાર હેઠળ છે. આ ગમખ્વાર અકસ્માતમાં પરિવારના ૪ સભ્યોના મોતથી ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

અમદાવાદનાં બગોદરા-બાવળા હાઈવે પર કાર પલટતા ૨ લોકોના કરૂણ મોત

અમદાવાદ,તા.૭

અમદાવાદના બગોદરા-બાવળા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે જઈ રહેલી કાર પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૨ લોકો ઘાયલ થયા હતા. હાઈવે પર રામનગરના પાટીયા નજીક અકસ્માતનો આ બનાવ બન્યો હતો. કારના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. ચાલકે કાબુ ગુમાવતા કાર પાણી ભરેલા ખાડામાં પડી હતી. અન્ય બે લોકોને ઈજા પહોંચતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. ભોગ બનેલા લોકો ચોટીલા પૂનમ ભરીને પરત ફરતા હતા ત્યારે તેમને આ અકસ્માત નડ્યો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજાની ધમાકેદાર ઈનિંગ, અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૭

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. રાજ્યના ૧૩૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં કપરાડા તાલુકામાં ૧૦ ઈંચ, પોશીના, ધરમપુર તાલુકામાં ૬-૬ ઈંચ, રાધનપુર, ઉમરગામ, ભચાઉ, લાખણી, તલક્ટોદ અને પાલનપુર તાલુકામાં ૪-૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ધબધબાટી યથાવત રહી છે. ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના નસીતપુર પાસે કોઝ-વે પરથી ઈકો કાર તણાવા લાગી હતી, જેમાં સવાર બે લોકોનું ગામલોકો અને સરપંચની સતર્કતાથી રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. તે જ રીતે મોરબીના હળવદ તાલુકામાં વોકળામાં તણાતા એક યુવકને પણ સ્થાનિક લોકોએ બચાવ્યો હતો. સિઝન દરમિયાન સૌરાષ્ટ્ર ઝોનમાં ૯૧ ટકા અને કચ્છ ઝોનમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો છે. આ દરમિયાન ૧૦ સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

અજંતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં પાંચ કામદારોના મોત મામલે પોલીસે કેસ નોંધ્યો

(એચ.એસ.એલ),મોરબી,તા.૭

મોરબીમાં ઝૂલતા પુલ અકસ્માત બાદ ચર્ચામાં આવેલી અજંતા કંપની ફરી એકવાર વિવાદમાં ફસાઈ છે. લુણાવાડા તાલુકામાં સ્થિત અજંતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં ગંભીર અકસ્માતમાં પાંચ કામદારોના મોત થતા બચાવ કામગીરી અને તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ઘટનાએ સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ તંત્રને હચમચાવી નાખ્યું છે. લુણાવાડા તાલુકા પોલીસે કંપની સામે ગુનો નોંધ્યો છે. અજંતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં બનેલી આ દુર્ઘટનામાં પાંચ કામદારો પાણીમાં ખેંચાઈ ગયા હતા. આ ઘટના પછી તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ પાણીનો પ્રવાહ ઓછો હોવાથી બચાવ કાર્યમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બે દિવસની સતત શોધખોળ બાદ, પાંચમા મૃતદેહને શોધવા માટે સિંચાઈ વિભાગના ઊંડા ડાઈવર્સની મદદ લેવામાં આવી હતી. લુણાવાડા અને વડોદરાની ફાયર વિભાગની ટીમો, એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો પણ આ કામગીરીમાં સક્રિય હતી.

અંબાજી ભાદરવી પૂનમનો મેળો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

(એચ.એસ.એલ),અંબાજી,તા.૭

ભાદરવી પૂનમનો મહામેળો રવિવારે, તેના સાતમા અને અંતિમ દિવસે, માતાજીના જયઘોષ સાથે સંપન્ન થયો હતો. લાખો શ્રદ્ધાળુઓ અને સરકારી વિભાગો દ્વારા માતાજીને ધ્વજ અર્પણ કરાયા બાદ, આ મેળો કોઈ પણ મોટી ઘટના વિના સુપેરે પૂર્ણ થયો. મેળાના છેલ્લા દિવસે, વહેલી સવારે મંગલા આરતી હોવાથી, યાત્રિકોનો ધસારો ખૂબ જ વધી ગયો હતો. શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ધ્વજા લઈને મંદિરના શિખરે ચઢાવવા ઉમટી પડ્યા હતા. આ ધ્વજારોહણ યાત્રિકો સાથે સરકારી વિભાગો દ્વારા પણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગ, વન વિભાગ અને બનાસકાંઠા જિલ્લા પોલીસ સહિતના વિવિધ વિભાગોએ પણ માતાજીના મંદિરે ધ્વજ ચઢાવીને મેળાના શાંતિપૂર્ણ સમાપન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

કળયુગ : ઉંઝામાં પિતાએ ૯ વર્ષની પુત્રી સાથે અશોભનીય કૃત્ય આચર્યું

એક માસ અગાઉ બનેલા આ બનાવમાં પોક્સો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી

(એચ.એસ.એલ),મહેસાણા,તા.૭

મહેસાણાના ઉંઝામાં સંબંધો લજવતો બનાવ સામે આવ્યો છે. જેમાં સગા પિતાએ છૂટાછેડાની તકરારમાં અશોભનીય કૃત્ય આચર્યું હતું. જેમાં નરાધમ પિતાએ ૯ વર્ષની દીકરીના કપડાં ફાડી જઘન્ય અપરાધ કર્યો હતો. આરોપીને વર્ષ ૨૦૨૩થી પત્ની સાથે અણબનાવ ચાલે છે. આ અંગે માનસિક ત્રાસ અને ઘરેલુ હિંસાની ફરિયાદ કરી હતી. પતિ વિનાજી ઠાકોર સામે ઉંઝા કોર્ટમાં દાવો ચાલી રહ્યો છે. બે મિત્રો સાથે આવેલા વિનાજી ઠાકોરે આ અશોભનીય કૃત્ય આચર્યું હતું. જેને લઈને વિનાજી ઠાકોર અને તેના બે મિત્રો સામે ફરિયાદ દાખલ થઈ છે. એક માસ અગાઉ બનેલા આ બનાવમાં પોક્સો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે.